ગુજરાત પ્રાંતની સામાન્ય ભૂગોળ.

(નકશા સાથે)

ગુજરાતી પ્રાથમિક ત્રીજા ધોરણના
ઉપયોગ માટે.

કર્તા

નાથાલાલ રણછોડદાસ માસ્તર.

અમદાવાદ.

પ્રસિદ્ધ કર્તા,

નારણલાલ મોતીલાલ બુકસેલર.

રીચીરોડ-અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૨૧૦૦.

સંવત ૧૯૭૫ સને ૧૯૧૯.

કીંમત ચાર આના.

જરાત પ્રાંતની સામાન્ય ભૂગોળ.

(નકશા સાથે)

ગુજરાતી પ્રાથમિક ત્રીજા ધોરણના
ઉપયોગ માટે.

કર્ત્તા તથા પ્રસિદ્ધ કર્ત્તા,
નારણલાલ મોતીલાલ બુકસેલર.
નાથાલાલ રણછોડદાસ માસ્તર.
અમદાવાદ.


આવૃત્તિ પહેલી. પ્રત ૨૧૦૦.

સંવત ૧૯૭૫ સને ૧૯૧૯.

કીંમત ચાર આના.

અમદાવાદ.
શાહપુર-નવી પોળમાં શ્રી "પ્રજાહિતાર્થ મુદ્રાલય" પ્રેસમાં
પટેલ ડાહ્યાભાઈ દલપતરામે છાપી.

દિશાઓ સંબંધી માહિતી.



છોકરાંઓને દિશાઓની માહેતી આપતી વખતે શિક્ષકે બાજુ ઉપર આપી છે તેવી આકૃતિનો ઉપયોગ કરવો કે જેથી ફરીને તેમને દિશાઓની સમજણ સારી રીતે થાય.

જે બાજુ તરફ સૂર્ય ઉગે છે, તેને પૂર્વ કે ઉગમણી દિશા કહેછે. જે બાજુ તરફ સૂર્ય આથમે છે, તેને પશ્ચિમ કે આથમણી દિશા કહેછે. પૂર્વ તરફ મ્હોં કરીને ઉભા રહીએ તો ડાબા હાથ તરફની બાજુને ઉત્તર દિશા કહે છે અને જમણા હાથ તરફની દિશાને દક્ષિણ દિશા કહે છે.

પૂર્વ અને દક્ષિણ દિશા વચ્ચેના ખૂણાને અગ્નિકોણ કહે છે.


દક્ષિણ અને પશ્ચિમ દિશા વચ્ચેના ખૂણાને નૈઋત્યકોણ કહે છે.

પશ્ચિમ અને ઉત્તર દિશા વચ્ચેના ખૂણાને વાયવ્યકોણ કહે છે.

ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેના ખૂણાને ઈશાનકોણ કહે છે.

ચાર મુખ્ય દિશાઓ અને ચાર ખૂણાઓ મળી આઠ દિશાઓ થઇ, તેમાં ઉપરની અને નીચેની એટલે આકાશ તથા પાતાળ તરફની બે દિશાઓ ઉમેરતાં દિશાઓ દશ થઇ.

નકશાની દિશાઓ.



નકશો સરખી રીતે વંચાય એવી રીતે સામો ધર્યો હોય અગર ખીંટી ઉપર લટકાવ્યો-હોય તો તેની ઉપરની બાજુને ઉત્તર દિશા કહેછે. ને તેની નીચેની બાજુને દક્ષિણ દિશા કહેછે. જોનારના જમણા હાથ તરફની નકશાની બાજુને પૂર્વ, અને ડાબા હાથ તરફની બાજુને પશ્ચિમ દિશા કહે છે.

ટીપ—નકશો બગડે નહિ એવી રીતે ભોંયપર મુકીને શાળાની પ્રથમ બતાવેલી દિશા સાથે નકશાની દિશાઓ મેળવી આપવી અને ફકત નકશો ટાંગવાને લીધેજ નકશાની દિશાઓ જુદી રીતે બતાવાય છે તે સમજાવવું.

જમીનના વિભાગોની વ્યાખ્યાઓ.

૧ પૃથ્વી ઉપરની કોરી જમીનના પાંચ મોટા ભાગ ઠરાવ્યા છે તેને ખંડ કહેછે.

૨ જમીનનો મોટો ભાગ જેમાં એકજ ભાષા બોલનારા લોકો રહેતા હોય તેને દેશ કહેછે.

૩ દેશના જેટલા ભાગમાં રાજસત્તા પૂરેપૂરી હોય તેને ઇલાકો કહે છે.

૪ ઇલાકાના વિભાગો પાડ્યા હોય તે દરેકને પ્રાંત કહે છે.
૫ પ્રાંતનો નાનો ભાગ જે અંગ્રેજ સરકારનો ખાલસા હોય તેને જીલ્લો કહે છે.
૬ દેશી રાજ્યોના જથા પાડી, તેના ઉપર અંગ્રેજ સરકારની દેખરેખ હોય તેને એજન્સિ કહે છે.
૭ રાજકર્ત્તા જે શહેરમાં રહેતા હોય તેને રાજધાની કહે છે.
૮ જમીનના થોડા ઉંચા ભાગને ટેકરો, તેથી વધારે ઉંચા ભાગને ડુંગર, અને ડુંગરથી ઉંચો હોય તેને પર્વત કહે છે.
૯ તળીએથી જોડાયલા ડુંગરો અને પર્વતોને હાર કહે છે.
૧૦ બે ડુંગરો કે પર્વતોની વચ્ચેના નીચા દેશને ખીણ કહે છે.
૧૧ એક સરખી જમીનમાં ઘણા ગાઉ સુધી રેતી હોય તેને રણ કહે છે.
૧૨ ચારે બાજુએ પાણીથી વીંટાએલા જમીનના ભાગને બેટ કહે છે.
૧૩ જમીનના જે ભાગને ત્રણ બાજુએ દરીઓ હોય અને ચોથી બાજુએ જમીન હોય તેને દ્વીપકલ્પ કહે છે.
૧૪ જમીનની અણી લાંબી વધીને સમુદ્રમાં ગએલી હોય તેને ભૂશિર કહે છે.
૧૫ જે શહેર દરીઆ કિનારે આવ્યું હોય અને ત્યાં વહાણો મારફતે માલ અને માણસો ચડતાં ઊતરતાં હોય તેને બંદર કહે છે.

પાણીના વિભાગોની વ્યાખ્યાઓ.

૧ પૃથ્વી ઉપરના પાણીના પાંચ ભાગ ઠરાવ્યા છે તેને મહા સાગર કહે છે.

૨ મહાસાગર કરતાં ખારા પાણીના નાના ભાગને સમુદ્ર કે દરીઓ કહે છે.

૩ સમુદ્રનો ફાંટો લાંબો થઇને જમીનમાં ગએલો હોય તેને અખાત કહે છે.

૪ પહોળા મ્હોડાના અખાતને ઉપસાગર કહે છે.

૫ પાણીનો જે ભાગ ચારે બાજુએ જમીનથી વીંટાએલો હોય અને સરોવરથી નાનું હોય તેને તળાવ કહે છે.

૬ મીઠા પાણીનો પ્રવાહ પર્વતમાંથી નીકળીને ઢાળતી જગામાં થઇને સમુદ્ર, સરોવર કે રણને મળે તેને નદી કહે છે.

૭ નદી જે જગાએથી નીકળે તેને મૂળ કહે છે અને જગાએ મળે છે તેને મુખ કહે છે.

૮ નાની નદી મોટી નદીને જે જગાએ મળે તેને સંગમ કહે છે.

૯ ખેતરમાં પાણી લઈ જવાને માટે નદીમાંથી ફાંટા ખોદવામાં આવે છે, તેને નહેર કે કેનાલ કહે છે.

૧૦ જે સાંકડો પાણીનો ભાગ પાણીના બે મોટા ભાગને જોડે તેને સામુદ્રધુની કહે છે.

૧૧ સમુદ્રનું પાણી ભરતીની વખત અંદર આવે એવા નદીનાં પહોળાં મુખને ખાડી કહે છે.

૧૨ કીનારા પાસેના સમુદ્રના જે ભાગમાં વહાણો સલામતી સાથે માલ ભરવા અને ખાલી કરવાને લંગરવાર થાય છે, તેને બંદર કહે છે, અને તેવી જગાએ દરિયાના સલામત ભાગને બારૂં કહે છે

વિભાગ અને પ્રાંત.

સવાલ—તાલુકો કોને કહેવાય?

જવાબ—ઘણાં ગામડાના મળેલા જથાને તાલુકો કહે છે અને તેના ઉપરી અમલદારને મામલતદાર કહે છે.

સવાલ—જીલ્લો કોને કહેવાય?

જવાબ—પાંચ છ કે તેથી પણ વધારે તાલુકા એકઠા મળીને જીલ્લો થાય છે. જીલ્લાના ઉપરીને કલેકટર કહે છે.

સવાલ—વિભાગ કોને કહેવાય?

જવાબ—પાંચ છ કે તેથી વધારે જીલ્લા એકઠા મળીને વિભાગ બને છે તેના ઉપરીને કમિશ્નર કહે છે.

સવાલ—એજન્સી કોને કહેવાય?

જવાબ—કેટલાંક નાંના મોટાં દેશી રાજ્યો એકઠાં મળીને થએલા જથાને એજન્સી અને તેના ઉપરીને પોલિટીકલ એજન્ટ કહે છે.

સવાલ—પ્રાંત કોને કહેવાય?

જવાબ—પાંચ, છ, કે તેથી વધારે જીલ્લા અને એજન્સીઓ મળીને પ્રાંત બને છે તેના બે વિભાગ હોય છે પ્રાંતના ઉપરીને કમિશ્નર કહે છે.

સવાલ—આપણો ગુજરાત પ્રાંત શું શું મળી બનેલો છે?

જવાબ—અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ ને સુરત એ પાંચ જીલ્લાઓ; મહીકાંઠા; પાલણપુર, સુરત અને કાઠિઆવાડ એ પાંચ એજન્સિઓ તથા ખંભાત સંસ્થાન અને ગાયકવાડનું વડોદરા રાજ્ય, એ બધું મળીને આપણો ગુજરાત પ્રાંત થએલો છે. આપણા પ્રાંતનાં ઉપરી કમિશ્નર સાહેબ અમદાવાદમાં શાહીબાગમાં રહે છે.

ગુજરાતના રાજકિય વિભાગ.

જીલ્લા—અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સુરત, થાણા.
એજન્સીઓ—પાલણપુર, મહીકાંઠા, રેવાકાંઠા, સુરત, પંચમહાલ.

મોટું રાજ્ય—વડોદરા રાજ્ય. મોટી એજન્સી-કાઠીઆવાડ.
સંસ્થાન—ખંભાત.

અમદાવાદ જીલ્લો.

તાલુકા—ઉત્તર દસ્ક્રોઇ, દક્ષિણ દસ્ક્રોઇ, પ્રાંતીજ, વીરમગામ, ધોળકા, ધંધુકા.

પેટામહાલ—સાણંદ, મોડાસા, ને ઘોઘા.

નદીઓ—સાબરમતી, હાથમતી, વાત્રક, માજુમ, મેશ્વો, ખારી, ભાદર, ગોમા, નીલકા, ઉતાવળી.

આ જીલ્લાનું મુખ્ય શહેર અમદાવાદ, ઈ. સ. ૧૪૧૨ માં ગુજરાતના સુલતાન અહમદશાહે વસાવ્યું હતું. આખા ગુજરાતની રાજધાનીનું શહેર અમદાવાદ હોવાથી તેને રાજનગર પણ કહે છે. તેમાં જુમામસીદ, કાંકરીઉં તળાવ, શાહઆલમનો રોજો, દાદાહરીની વાવ, સ્વામીનારાયણનું મંદિર, શાહીબાગ વગેરે ઘણી જગાઓ જોવાલાયક છે. આ શહેરમાં સુતરાઉ કાપડ વણવાની ઘણી મીલો છે. દીવાસળી બનાવવાની પણ બે મીલો છે. શહેર કીનખાબ, રેશમી કાપડ, રેશમી કોરનાં ધોતીઆં અને મીલના સુતરાઉ કાપડના વેપારને માટે પ્રખ્યાત છે. અમદાવાદ રેલવેનું મોટું જંક્શન છે. ત્યાંથી દિલ્હી, મુમ્બાઇ, ધોળકા, પ્રાંતીજ કાઠિયાવાડ તરફ રેલવે જાય છે, તેથી વેપારનો લાભ પણ સારો થાય છે.

ઉત્તર દસ્ક્રોઇ તાલુકો.

ગામ—અમદાવાદ, ઊંવારસદ, નરોડા ને સરખેજ.

નદીઓ—સાબરમતી, ખારી.

સ્ટેશનો—અમદાવાદ, એલીસ બ્રીજ, સાબરમતી, કાળુપુર, નરોડા, સરખેજ ને મોરૈયા.

દક્ષિણ દસ્ક્રોઈ તાલુકો.

ગામ—વટવા, કુહા, બારેજા, જેતલપુર, કાસીંદ્રા, હિરાપુર.

નદીઓ—સાબરમતી, ખારી, મેશ્વો,

સ્ટેશનો—બારેજડી, વિંઝોળ, અને વાટવા.

કાસીંદ્રા અને હીરાપુરમાં—ગોળ બહુ સારો થાય છે,

પ્રાંતીજ તાલુકો.

ગામ—પ્રાંતીજ, મોડાસા, ઓરાણ, ગાબટ, ધન્સુરા, ચોપ્ર-લા ને દહેમાઇ.

નદીઓ—સાબરતી, વાત્રક, માઝુમ, ખારી.

મોડાસા મહાલમાં ડુંગરો અને જંગલો છે.

અમદાવાદના રહેવાસીઓને વધારે પાણી પૂરૂં પાડવા માટે પહેલાં અહમદશાહ સુલતાને, હાથમતી ઉપર બંધ બંધાવી તેને સાબરમતીમાં વાળી લીધેલી છે.

પ્રાંતીજથી સાબુ પરદેશ ખાતે જાય છે.

વીરમગામ.

ગામ—વીરમગામ, ઓગાણ, દેત્રોજ, ગોરૈયા, રામપુર સીતાપુર પાટડી, માંડળ, અને ખારાઘોડા.

નદી—નથી, પણ સિદ્ધરાજ જયસિંહની મા મીનળદેવીનું બંધાવેલું મુન્સર તળાવ છે.

સ્ટેશન—વીરમગામ, પાટડી, દેત્રોજ, ખારાઘોડા.

તાલુકદારોનાં ગામ—પાટડી અને માંડળ.

ખારાઘોડામાં મીઠું પાકે છે,

વીરમગામ તાલુકામાં રૂ પાકે છે.

વીરમગામમાં મામલતદાર અને મુન્સફની કોરટો છે. વસ્તી. ૨૦૭૦૦.

ધોળકા તાલુકો.

મહાભારતનું વૈરાટ નગર તેજ આ 'ધોળકા.' તે ઘણું પ્રાચીન છે. ત્યાં સૂઠ, દાડમ અને જમરૂખ સારાં થાય છે. પણ ધોળકાનાં હવાપાણી ખરાબ છે. આ તાલુકાનો ઘણો ખરો ભાગ તાલુકદારો (ગરાસીઆ) નો છે.

ગામ—ધોળકા, બાવળા, ચલોડા, ગાંગડ, બદરખા, વૌઠા.

નદી—નથી. પણ સિદ્ધરાજ જયસિંહની મા મીનળદેવીએ બંધાવેલું મલાવ તળાવ છે.

સ્ટેશનો—ધોળકા ને બાવળા.

વૌઠા ગામ આગળ સાબરમતી વગેરે અનેક નદીઓનો સંગમ થાય છે, અને દર વરસે કારતકી પૂનમે ભારે મેળો ભરાય છે.

ધોળકામાં મામલતદાર તથા મુન્સફની કોરટો છે.

ધોળકા તાલુકાની પશ્ચિમે નળ નામે ખારા પાણીનું તળાવ છે તેને નળકાંઠો કહે છે.

વસ્તી. ૧૩૬૦૦.

ધંધુકા તાલુકો.

નદીઓ—ભાદર, ગોમા, નીલકા, ઉતાવળી,

ગામ—ધંધુકા, ધોલેરા, બરવાળા, રાણપુર, ખસ ને ગાંફ.

ધંધુકામાં મામલતદારની, મુનસફની તથા કસ્ટમખાતાની ઑફિસો છે.

ધોલેરા—બંદર છે, તેમાં પાણીની બહુ તંગી વેઠવી પડે છે. ખંભાતના અખાતપર છે અને અહીંથી પુષ્કળ રૂ પરદેશ ચઢે છે.

ભીમનાથ નીલકા નદી ઉપર આવેલું છે. ત્યાં દર શ્રાવણ વદી અમાંસ ઉપર મેળો ભરાય છે.

ઘોઘા--એ અગાઉના વખતમાં એક નામીચું બંદર હતું, પણ હાલ તે પડીભાગ્યું છે. દરીઆ પાસે હોવાથી ઉનાળાની રૂતુમાં ઘોઘાની હવા બહુ સારી રહે છે. વસ્તી. ૨૫૦૦.

મોડાસા, સાણંદ, ઘોઘા, એ ત્રણ પેટા મહાલના જુદા જુદા અમલદાર નીમેલા છે. તે દરેકને મહાલકારી કહે છે.

ખેડા જીલ્લો.

આ જીલ્લો મહી અને વાત્રક નદીઓની વચ્ચે તથા ખંભાત સંસ્થાનની ઉત્તરે આવેલો છે. ક્ષેત્રફળ ૧૦૫ ચોરસ મૈલ અને વસ્તી. ૬૯૨૦૦૦ ની છે. તેનો મધ્ય ભાગ ચરોતર કહેવાય છે, તે ઘણુંજ ફળ દ્રુપ છે.

નદીઓ—સાબરમતી, મહી, વાત્રક, માજુમ, મેશ્વો, ખારી, શેઢી, ને મહોર.

તાલુકા—કપડવંજ, ઠાસરા, આણંદ, નડીઆદ, મહેમદાવાદ, માતર, ને બોરસદ.

જાણવાલાયક સ્થળો.

કપડવંજ—એમાં કાચ અને સાબુ થાય છે. વસ્તી ૧૩૧૦૦ છે.

લસુંદ્રા—કપડવંજતાલુકાનું ગામ છે. ત્યાં ઉના પાણીના કુંડ છે.

આંણદ—રેલવે જંકશન છે. અહીંથી ખંભાત, ગોધરા, અને રતલામ ટ્રેન જાય છે. વસ્તી. ૧૦૫૦૦.

નડીઆદ—ખેડા જીલ્લાનું મોટું ગામ છે. ત્યાં તમાકુ અને છીંકણી સારી થાય છે અને ત્યાંથી એક ગાડી કપડવંજ તરફ જાય છે. વસ્તી. ૨૭૧૦૦.

મહેમદાવાદ—ઈ. સ. ૧૪૭૯ માં મહમદ બેગડાએ વસાવ્યું છે. અહીંથી ખેડે જવાની પાકી સડક છે. ને તે રસ્તામાં મહમુદનો બંધાવેલો આઠ ઓરડાવાળો ભમરીઓ કુવો છે. વસ્તી ૬૩૦૦.

ખેડા—જીલ્લાનું મુખ્ય ગામ છે. તે વાત્રક ને શેઢીના સંગમ પર છે. વસ્તી ૭૪૦૦

જાત્રાનાં ઠેકાણાં.

ડાકોર—ઠાસરા તાલુકાનું તિર્થ સ્થળ છે. ત્યાં રણછોડજીનું ભવ્ય મંદિર હોવાથી માણેકઠારી તથા કારતકી પુનમે મોટા મેળા ભરાય છે.

વડતાલ—સ્વામીનારાયણનું મોટું મંદિર છે, નડીઆદ તાલુકાનું ગામ છે.

ખેડા જીલ્લાનો મધ્ય ભાગ ચરોતર કહેવાય છે. તેની જમીન કાળી અને ફળદ્રુપ હોવાથી ત્યાં બાજરી, ડાંગર, તુવેર, કોદરા, બાવટો, વરીઆળી, જીરૂ, તમાકુ ને કેરીઓ પુષ્કળ થાય છે. માજમ નદીમાંથી અકીકના પથ્થર નીકળે છે. તે સાફ કરવા ખંભાત મોકલે છે. ઉસ અને સાજીખાર પુષ્કળ મળે છે, જેથી કપડવંજમાં સાબુ બનાવવામાં આવે છે.

પંચમહાલ જીલ્લો.

આ જીલ્લો ખેડા જીલ્લાની પૂર્વે એ વિભાગમાં આવેલો છે. રેવાકાંઠા એજન્સીનો થોડો ભાગ તે એ વિભાગને અલગજ રાખે છે. વસ્તી લગભગ ૩ લાખ અને ક્ષેત્રફળ ૧૬૦૦ ચો. મા. નું છે. આ જીલ્લાની અંદર ગોધરા, કાલોલ, હાલોલ, ઝાલોદ ને દાહોદ એ પાંચ મહાલ આવેલા હોવાથી જીલ્લાનું નામ પણ પંચમહાલ, રાખેલું છે.

પર્વત—પાવાગઢ.

તાલુકા—ગોધરા, દાહોદ ને કાલોલ.

પેટામહાલ--ઝાલોદ ને હાલોલ.

સ્ટેશનો--ગોધરા, દાહોદ, ચાંપાનેર, ડુવા ને જેકોટ.

નદીઓ--મહી ને પાનમ.

પાનમ નદી પાવાગઢના ડુંગરમાંથી નીકળી ઉત્તરમાં મહીને મળે છે.

જાણવા લાયક સ્થળો.

ગોધરા—એ જીલ્લાનું મુખ્ય ગામ છે. ને તેમાં ગોધરક, નામનું એક તળાવ છે. વસ્તી. ૨૨૧૦૦

હાલોલ—મહમુદ બેગડાના વખતમાં હાલુર નામના સુથારે આ ગામની અંદર બાગ બનાવ્યો હતો. તેના નામપરથી આ ગામનું નામ હાલોલ પડેલું છે.

દાહોદ—ઔરંગજેબ બાદશાહની જન્મભૂમિ છે. અહીં છાબ નામે જુનું તળાવ છે. આ ગામનું ખરૂં નામ દોહદ છે, કારણ કે અહીં ગુજરાત ને માળવા પ્રાંતની હદ આની રહેલી છે. વસ્તી. ૮૨૦૦.

ચાંપાનેર—વનરાજના મંત્રિ ચાંપા વાણિયાએ વસાવેલું હતું. આ ચાંપાનેર હાલ ખંડેર છે.

દુવા—લસુંદ્રાની માફક ગરમ પાણીના કુંડ છે.

પંચમહાલ જીલ્લામાં ભીલની વસ્તી બહુ છે. તેઓ જંગલમાંથી લાખવીણી વેચી પોતાનું ગુજરાન ચલાવે છે. પાવાગઢ ઉપર કાળકા માતાનું દહેરૂં છે. પંચમહાલ જીલ્લામાં જંગલ ઘણાં હોવાથી હવા સારી રહેતી નથી. મહુડાંનાં ઝાડ પુષ્કળ થાય છે ને તે આખા ગુજરાતમાં પૂરાં પડેછે.

પાક—મકાઇ. ડુંગરાઓમાંથી સીસુ લોખંડ ને મેંગેનીઝ નીકળે છે.

ભરૂચ જીલ્લો.

આ જીલ્લો ખંભાતના અખાત ઉપર અને ખેડા જીલ્લાની દક્ષિણે આવેલો છે. પંચમહાલ કરતાં કંઇ ન્હાનો છે. વસ્તી. ૩૦૬૦૦૦ની છે.

નદીઓ—મહી, ઢાઢર, નર્મદા, કીમ.

તાલુકા—ભરૂચ, વાગરા, આમોદ, જંબુસર, અંકલેશ્વર.

પેટામહાલ—હાંસોટ.

જાત્રાના ઠેકાણાં—શુકલતીર્થ અને ભાડભુત, તથા કબીરવાડ.

જાણવા લાયક સ્થળો.

ભરૂચ—જીલ્લાનું મુખ્ય શહેર નર્મદા નદીના ઉત્તર કિનારાપર છે. પહેલાં અહીં ભૃગુઋષિનો આશ્રમ હતો. જેથી ભરૂચ નામ પડેલું છે. ભરૂચના ભાર્ગવ બ્રાહ્મણો એ ભૃગુકુળના છે. શહેરની પૂર્વે બળિ રાજાએ કરેલો યજ્ઞ અને ભૃગુઋષિનું દહેરૂં જોવા લાયક છે. વસ્તી. ૪૩૪૦૦.

શુકલતિર્થ—ભરૂચથી ૧૦ માઇલ ઉપર છે. ત્યાં ૐકારેશ્વર મહાદેવનું દહેરૂં છે. શુકલતિર્થની નજીક કબીરવડ છે. તે એટલો બધો ફેલાયલો છે કે તેની ઘટા નીચે ૭૦૦૦ માણસનું લશ્કર સહીસલામત રહી શકે.

અંકલેશ્વર—અહીંથી નાંદોદ સુધી નાના માપની રેલવે જાય છે. ત્યાંથી લાકડાં, વાંસ, મીણ, મધ ને કપાસ અત્રે આવે છે. વસ્તી. ૧૧૩૦૦.

ભાડભુત—ભરૂચથી ૮ માઇલપર આવેલું છે. નર્મદા નદીના તીરે છે. ત્યાં ભાડભૂતેશ્વર મહાદેવનું મોટું દહેરૂં છે. ને અધિક માસમાં મોટી જાત્રા ભરાય છે.

ટંકારીઆ દહેગામ—જંબુસર તાલુકાનાં બંદર છે. આમોદમાં ચપ્પુ સારાં બને છે.

અંકલેશ્વર, અને ભરૂચ વચ્ચે નર્મદા નદી પર મોટો પુલ છે. ભરૂચમાં રૂની પેદાશ ઘણી છે, ને રેલ્વે સ્ટેશનો પાસે કપાસ લોઢવાનાં પુષ્કળ કારખાનાં છે.

સુરત જીલ્લો.

આ જીલ્લો ગુજરાતની છેક દક્ષિણે આવેલો છે. તે ભરૂચ જીલ્લાથી સહેજ મોટો છે. વસ્તી ૬૫૪૦૦૦ ની છે. ૧૫૦ વરસપર સુરત નામીચું અને વિશાળ બંદર તથા મોટું વેપારી મથક હતું યુરોપની જુદી જુદી પ્રજાઓએ વેપારને માટે અહીં કોઠી રાખી હતી.

નદીઓ—તાપી, મિંઢોલા, દમણગંગા, અંબીકા, પુર્ણા, કીમ.

તાલુકા—ચોર્યાસી, ઓરપાડ, માંડવી, બારડોલી, જલાલપુર, વલસાડ, ચીકલી, પારડી.

ડુંગર—પારનેરાનો.

હવા ખાવાનાં સ્થળ--તિથલ, ડુમસ ને હજીરા.

જાણવા લાયક સ્થળો.

સુરત--તાપી નદીને કિનારે મુખ્ય શહેર છે. તેમાં ત્રણ મીલો છે, રેશમી કાપડ તથા કશબી કામને માટે પ્રખ્યાત છે. વસ્તી ૧૨૪૮૦૦ ની છે. ૧૫૦ વરસ પર સુરત નામીચું વિશાળ અને પ્રખ્યાત બંદર તથા મોટું વેપારી મથક હતું, પણ હમણાં તાપી નદીનું બારૂં પુરાઈ જવાથી આગબોટો અને વહાણો આવી શકતાં નથી. લોકો નાઝુક, વીચક્ષણ અને શોખીન છે. સુરતમાં બરફી ને ઘારી સારી બને છે.

વલસાડ--બંદર છે. ઈમારતી લાકડાં, અનાજ, ગોળ ને ઈંટો અહીંથી બહારગામ ખાતે મોકલવામાં આવે છે. વલસાડની પાસે તીથલ દરીઆ કિનારાપર હવા ખાવાનું સ્થળ છે. વસ્તી ૧૬૦૦૦ છે.

બહુધાન—તાપીને કિનારે માંડવી તાલુકાનું ગામ છે. બાર વર્ષે સિંહસ્થનુ વર્ષ આવે ત્યારે અહીં મોટી જાત્રા ભરાયછે.

રાંદેર—તાપીને કાંઠે સુરત જીલ્લાનું ઘણું જુનું શહેર છે.

ઓરપાડ--બંદર છે. ત્યાંથી ઢોર અને લાકડાં પરદેશ જાય છે.

હજીરા—તાપીને કિનારે ઓરપાડ તાલુકાનું હવા ખાવાનું સ્થળ છે. ત્યાં દીવાદાંડી છે. ગામનું નામ તો ઢઉં, છે પણ ત્યાં વોક્ચી સાહેબની કબર (હજીરો) છે તેથી તે હજીરા કહેવાય છે.

ડુમસ—સુરતથી ૧૦ માઇલપર સચીન રાજ્યનું ગામ છે. ત્યાં ઉનાળામાં શ્રીમંતો હવાખાવા આવે છે.

એજન્સિ.

ઉપર જણાવી ગયા મુજબ અંગ્રેજ સરકારનાં ખાલસા રાજ્ય (જીલ્લાઓ) સિવાય, તાબા નીચેનાં દેશી રાજ્ય (એજન્સી ને સંસ્થાનો) છે. દરેક એજન્સી ઉપર દેખરેખ રાખનાર અંગ્રેજી અમલદાર હોય છે તેને પોલિટિકલ એજંટ કહે છે. જો એજન્સી નાની હોય તો તેને લગતા જીલ્લાના કલેકટરને પોલિટિકલ એજંટ તરીકે નીમે છે. એવી નાની એજન્સીઓ સુરત, પંચમહાલ, ખંભાત સંસ્થાન વગેરે છે. તેના ઉપરીઓ નજીકના જીલ્લાના કલેકટરો છે તે આગળ જણાશે. મોટી એજન્સીઓને માટે જુદા પોલિટિકલ એજન્ટ નિમેલા હોય છે ને તેમના પર ઉત્તર વિભાગના કમિશ્નર સાહેબની દેખરેખ હોય છે.

પહેલા અને બીજા વર્ગના સંસ્થાનોની બધી સત્તા રાજાઓના હાથમાં હોય છે. તેઓ પોતાની પ્રજામાં ખુન બદલ દેહાંત દંડની સજા તેમજ ગમે તેટલી ભારે રકમોના લેણદેણના દાવા પણ ચુકવે છે. અર્થાત રાજા તરીકેની તમામ સત્તા ભોગવી શકે છે. રાજાઓ રાજ્યના કામની સંભાળ રાખવાને પોતાનાથીજ ઉતરતા દરજ્જાનો એક મોટો અમલદાર નીમે છે. તે દીવાન (પ્રધાન) કે મુખ્ય કારભારી કહેવાય છે. દીવાન રાજ—આજ્ઞા મુજબ રાજ્યના તમામ કામો પર દેખરેખ રાખે છે અને એજન્સી તેમજ બીજા રાજાઓ સાથે પત્રવ્યવહાર પણ કરી શકે છે.

ત્રીજા ચોથા અને પાંચમા વર્ગવાળા રાજાઓને માજીસ્ટ્રેટ તરીકેની અનુક્રમે ઉતરતી સત્તા આપેલી હોય છે

ને તેમનાં કામો ઉપરની અપીલ પોલિટિકલ એજન્ટ સાંભળી શકે છે.

પોલિટિકલ એજંટની ફરજ—તે પોતાની એજન્સીના રાજાઓને હરેક પ્રકારની મદદ આપે છે. માંહોમાંહેના ટંટાઓ પતાવી સલાહશાંતી રાખે છે. રાજ્યની હદ અને રાજકીય ખટપટને યોગ્ય ન્યાય આપી સુલેહ સાચવે છે, એજન્સિના પોલીસ ખાતાની સંભાળ લે છે, અને કોઇ તાલુકદાર બાળકુંવર મુકીને મરી જાય તો તાલુકાની સંભાળ રાખે છે ને કુંવરને પાળીપોષી ભણાવી લાયક ઉમ્મરનો થતાં તેનો તાલુકો તેને પાછો સોંપે છે. તેમજ દેવાદાર થઇ ગયેલા રાજાનો તાલુકો પોતાના કબજામાં લેઇ તેને દેવામાંથી મુક્ત કરે છે.

રાજા રાજાઓ આપસમાં લડે નહિ, પોતાની પ્રજાને કનડે નહિ, અને રાજક્યિ ખટપટોથી દ્વેશ અને વૈરના પંજામાં સપડાઇ પહેલાંના વખતની માફક લડીલડીને ખુવાર બને નહિ, તેને માટેજ એજન્સીઓ ઉપર પોલિટિકલ એજંટોની દેખરેખ મુકેલી છે.

પાલણપુર એજન્સિ.

આ એજન્સી ગુજરાતની ઉત્તરે અને કચ્છના રણની પૂર્વે આવેલી છે. તે આપણા અમદાવાદ જીલ્લાથી બમણી મોટી છે ને તેમાં નાનાં મોટાં ૧૩ રાજ્યો છે. વસ્તી. ૫૬૫૦૦૦

પર્વત—આરાવલી,

નદીઓ—બનાસ ને સરસ્વતી.

સંસ્થાનો.

મુસલમાનનાં–પાલણપુર, રાધનપુર, વારારાઇ ને તેડવાડા.

રજપુતોનાં—થરાદ, વાવ, સુઈ ગામ, દેવદર ને સાંતલપુર.
કોળીનાં—ભાભર ને કાંકરેજ.

જાણવા લાયક સ્થળો.

પાલણપુર—આ એજન્સીનું સૌથી મોટું સંસ્થાન છે. રાજા મુસલમાન છે ને તે નવાબ કહેવાય છે. રાજધાની પાલણપુરમાં આ એજન્સિનો પોલિટિકલ એજંટ રહે છે, તથા વેપારનું મથક છે. વસ્તી. ૧૭૨૦૦.

રાધનપુર—આ એજન્સિનું બીજા નંબરનું મોટું સંસ્થાન છે. રાજા મુસલમાન છે ને તે નવાબ કહેવાય છે. રાધનપુરમાં સુરોખાર નિપજે છે, તથા વેપારનું સ્થળ છે.

સમી અને મુંજપુર—એ રાધનપુર સંસ્થાનના મુખ્ય કસ્બા છે. અને તેમાં કપાસ સારો થાય છે.

ડીસા—પાલણપુરથી ૧૮ માઈલપર આવેલું છે અને તેમાં અંગ્રેજી લશ્કરની છાવણી છે.

નિકાશ—અનાજ, સરસવ, સુરોખાર, તલ, કપાસ, અને ચંપક તથા કેવડાનું અત્તર. વસ્તી. ૭૧૮૦ છે.

પાલણપુર અને રાધનપુરના રાજાઓને પહેલા વર્ગનો અધિકાર અને બાકીનાં સંસ્થાનોવાળાઓને યોગ્યતા મુજબ સત્તા આપેલી છે આ એજન્સિમાં થળ અને ચુંવાળના કુદરતી ભાગો આવેલા છે. થળની જમીનમાં ડાંગર અને કપાસ બહુ સારો થાય છે.

મહીકાંઠા એજન્સિ.

આ એજન્સિ અમદાવાદ જીલ્લા જેવડી છે. અને ખેડા જીલ્લાની ઉત્તરે આવેલી છે. વસ્તી અમદાવાદ જીલ્લાથી અડધી, અને લોકો કોળી તથા ભીલ જાતિના છે ને જંગલી અવસ્થામાં છે. એ એજન્સિમાં નાનાં મોટાં ૬૩ રાજ્યો આવેલાં છે.

પર્વતો—આબુ ને આરાસુર.

નદીઓ--સાબરમતી, હાથમતી, વાત્રક, મેશ્વો, ને મઝી.

તિર્થસ્થળો—અંબાજી, શામળાજી, અને ખેડબ્રહ્મા.

મુખ્યસંસ્થાનો—ઈડર, દાંતા, પોળો, માલપુર, માણુસા, મોહનપુર, પેથાપુર, વડાલી ને ભાલુસણા.

જાણવા લાયક સ્થળો.

ઈડર—આ એજન્સિનું સૌથી મોટું સંસ્થાન છે. તે ભરૂચ જીલ્લા જેવડું છે. રાજા રાઠોડ રજપુત છે ને તે મહારાજા કહેવાય છે. વસ્તી. ૪૮૦૦.

અમનગર (અહમદનગર) એ ઇડર રાજ્યના તાબાનું એક શહેર છે. તે અમદાવાદના અહમદશાહ પાદશાહે ઇડરના રાજાને દાબમાં રાખવાને હાથમતી નદી કાંઠે કિલ્લો બંધાવી આ શહેર આજથી ૫૦૦ વરસ ઉપર વસાવ્યું હતું. તેમાં પથરાની ખાણો છે. વસ્તી ૪૨૦૦.

દાંતા—આ સંસ્થાન અંબાજી માતાનાં દહેરાં અને આરાસુરના પહાડને લીધે પ્રખ્યાત છે. દહેરાંની આવક રાજ્યમાં જમા થાય છે. રાજા પરમાર રજપુત છે. અને દાંતાના ડુંગરમાંથી આરસના પત્થર નીકળે છે.

પેથાપુર--નાં છાયલ અને બંદુક બહુ વખણાય છે.

મોહનપુર—તાલુકામાં અબરખની ખાણો છે.

સાદરામાં—ગરાસીઆના કુંવરોને ભણવા માટે એક તાલુકદાર સ્કુલ છે.

નિકાશ—બાજરી, ઘઉં, ચણા, મકાઇ, કોદરા, તલ, રૂ ને લાકડાં. આ એજન્સિના પોલિટિકલ એજંટ સાદરામાં રહે છે. ઈડરના રાજાને પહેલા વર્ગનો અને

દાંતા તથા પેથાપુરના રાજાને બીજા વર્ગના અખત્યાર આપેલા છે. આ એજન્સિની ઘણી ખરી જમીન ડુંગરાળી તથા જંગલોથી ભરપુર હોવાથી ખેતી બહુ સારી થતી નથી.

રેવાકાંઠા એજન્સિ.

આ એજન્સિ ગુજરાતની પૂર્વે અને દક્ષિણે આવેલી છે. મહીકાંઠાથી દોઢગણી મોટી છે. તેમાં નાનાં મોટાં રાજ્યો છે. ને તે બધાં રેવા (નર્મદા) નદીના કિનારાપર આવેલાં છે. તેથી રેવાકાંઠા એજન્સિ નામ પડેલું છે.

પર્વતો—રાજપીંપળા, વિંધ્યાચળ,ને સાતપુડા. વસ્તી સાડાછ લાખ માણસની છે.

નદીઓ—મહી, નર્મદા ને કરજેણ.

મુખ્ય સંસ્થાનો—રાજપીંપળા, છોટાઉદેપુર, દેવગઢબારીઆ, લુણાવાડા, સુંથ ને વાડાસીનોર.

રાજપીંપળાનું રાજ્ય-સૌથી મોટું છે. તેની રાજધાની નાંદોદ કરજેણ નદી પર આવેલું છે. તેમાં એક હાઇસ્કુલ છે. રાજા ગોહેલ રજપુત છે. તે મહારાણા કહેવાય છે. નાંદોદથી અંકલેશ્વર અને મીયાંગામ રેલ્વે જાય છે ને આ રાજ્યમાં ઈમારતી લાકડાં પુષ્કળ થાય છે. વસ્તી ૧૧૧૦૦ છે.

છોટાઉદેપુર—રાજધાની છોટાઉદેપુર છે. રાજા ચોહાણ રજપુત છે તે મહારાવળ કહેવાય છે.

દેવગઢબારીઆ—રાજધાની દેવગઢ છે. રાજા ચોહાણ રજપુત છે. ને તે મહારાવળ કહેવાય છે.

લુણાવાડા--રાજા સોલંકી રજપુત છે ને તે મહારાણા કહેવાય છે.

સુંથ—રાજા પરમાર રજપુત છે. ને રાજધાની સુંથ છે. વસ્તી ૪૦૦૦૦ છે.

વાડાશિનોર—રાજધાની વાડાશિનોર છે. રાજા મુસલમાન છે ને તે નવાબ કહેવાય છે વસ્તી ૪૩૦૦૦ છે.

નિકાશ—ડાંગર, ઘઉં, મહુડાં, તલ, શેરડી ને ઈમારતી લાકડાં. ડુંગરોમાંથી અકીક, આરસ, સફેદ ને લાલ પત્થર નીકળે છે; અને વાઘ, ચિત્તા, રીંછ, વગેરે ભયંકર જાનવરો રહે છે. બધી જમીન ડુંગરવાળી અને ઝાડીથી ભરપુર છે.

પંચમહાલ જીલ્લાના કલેકટર તે આ એજન્સિના પોલિટિકલ એજંટ કહેવાય છે અને તે ગોધરામાં રહે છે.

સુરત એજન્સિ.

આ એજન્સિ સુરત જીલ્લાની અગ્નિકોણમાં લગોલગછે. વાંસદા, ધરમપુર અને સચીન એ ત્રણ રાજ્યો સુરત એજન્સિ તરીકે ઓળખાય છે. સુરત જીલ્લાના કલેકટર તે આ એજન્સિના પોલિટિકલ એજંટ છે. વસ્તી ૨૦૮૦૦૦ છે.

સંસ્થાનો—વાંસદા, ધરમપુર, સચીન ને ડાંગ.

વાંસદા—રાજા સોલંકી રજપુત છે. અહીંથી બીલીમોરા જવાની પાકી સડક છે. વાંસદાની ઉત્તરે ૬ માઇલપર દેવકીઉનાઈ નામે ઉના પાણીનો કુંડ છે. કુંડનું પાણી આખું વરસ ઉનું રહે છે, પણ જાત્રાને દિવસે નહાવા જેવું ઠંડું થઇ જાય છે. આ કુંડ આગળ બ્રીટીશ, ગાયકવાડી, અને વાંસદા એ ત્રણ રાજ્યોની સરહદ મળે છે. અહીં દર વર્ષની ચૈત્રી પુનેમે મેળો ભરાય છે, ત્યારે એ ત્રણે રાજ્યનો બંદોબસ્ત સારો રહે છે.

ધરમપુર—આ રાજ્ય જુના વખતમાં રામનગરનું રાજ્ય એ નામથી ઓળખાતું હતું. રાજા સિસોદીઆ રજ-

પુત છે. જંગલને લીધે હવા ખરાબ છે. ઇમારતી લાકડાંનો વેપાર ચાલે છે. ધરમપુરથી વલસાડ જવાને ૧૮ મૈલ લાંબી પાકી સડક છે, તેમજ નાશિક જવાનો રસ્તો પણ છે.

સચીન—રાજા હબસી મુસલમાન છે ને તે નવાબ કહેવાય છે. વસ્તી ૨૧૦૦૦ છે.

ડાંગ—ડાંગનું રાજ્ય તદ્દન જંગલી પ્રદેશ છે ને વસ્તી ભીલોની છે.

નિકાશ—ડાંગર, શેરડી, મહુડાં ઇમારતી લાકડાં. ભીલ લોકો પોતાને સારૂ ડુંગરો પર જુવાર, બાજરી ઘઉં ને બટાટા વાવી ખાય છે.

પંચમહાલ એજન્સિ.

આ એજન્સિ પંચમહાલ જીલ્લાની દક્ષિણે આવેલી છે.

મુખ્ય સંસ્થાન—નારૂકોટ છે. રાજા રજપુત છે, અને તે ઠાકોર કહેવાય છે.

મુખ્ય શહેરો—જાંબુઘોડા.

આ સંસ્થાનની દેખરેખ પંચમહાલ જીલ્લાના કલેકટર રાખે છે અને ઉપજનો અડધો ભાગ અંગ્રેજ સરકાર લે છે.

નિકાશ—ઇમારતી લાકડાં.

ખંભાત સંસ્થાન.

આ સંસ્થાન—ખેડા જીલ્લાની પશ્ચિમે, ખંભાતના અખાતની ઉત્તરે, મહી અને સાબરમતી નદીની વચ્ચે આવેલું છે. વસ્તી ૭૨૯૦૦ માણસની છે.

મુખ્ય શહેર—ખંભાત, ખંભાતના અખાતને કિનારે આવેલું છે. રાજા મોગલ જાતના મુસલમાન છે ને તે

નવાબ કહેવાય છે. શહેરનું જુનું નામ સ્તંભાવતી, છે. પહેલાં તે ઘણું માતબર અને સ્મૃદ્ધિવાન શહેર હતું. હાલ ખંભાતથી દરીઓ પાંચ માઇલ દૂર છે અને ઘણોક વેપાર બંધ પડી ગયો છે. ખંભાત બંદરેથી લેવાતી જકાતનો અડધો ભાગ અંગ્રેજ સરકાર લે છે. મહી અને સાબરમતીનો કાંપ તેના મુખ આગળ અખાતમાં ઠરવાથી બંદર પુરાતું જાય છે, તેથી દરીઆઇ વેપાર મંદ પડતો જાય છે પરંતુ આણંદ જંકશનથી પેટલાદ થઇ એક ટ્રેન અહીં આવે છે, જેથી રેલવે વ્યાપાર અને મુસાફરીની સગવડ ઠીક છે. ખંભાતની સુતરફેણી વખણાય છે, અને અકીકનું કામ ઘણું સારૂં થતું જણાય છે.

ખેડા જીલ્લાના કલેક્ટર ખંભાત સંસ્થાનના પોલિટિકલ એજંટ છે ને તે ખેડામાં રહે છે.

દીવ અને દમણ.

દીવ—એ પણ ફીરંગી લોકોનો બેટ છે. તે કાઠીઆવાડની દક્ષિણે આવેલો છે. ૮ માઇલ લાંબો અને ૨ માઇલ પહોળો છે. તેમાં ૮ ગામ છે. તે સૌમાં મોટું શહેર છે. ત્યાં સેંટપોલનું દેવળ છે, અને કચકડાંનું તથા રંગારી કામ બહુ સારૂં થાય છે.

દમણ—એ ફીરંગી (પોર્તુગીઝ) લોકોનું સંસ્થાન સુરત અને થાણા જીલ્લાની વચ્ચે આવેલું છે. તેમાં નગર-હવેલી નામનો બીજો તાલુકો પણ છે, તે ઘણો ફળદ્રુપ છે. તેની મુખ્ય પેદાશ ડાંગર, ઘઉં ને તમાકુ છે.

દીવ અને દમણનો વહીવટ ચલાવવા માટે યુરોપખંડમાંની પોર્તુગીઝ સરકારે એક ગવર્નર નીમેલો છે.

ગાયકવાડનું રાજ્ય.

આ રાજ્ય ગુજરાતનાં બધાં દેશી રાજ્યો કરતાં મોટું છે. પરંતુ એકજથામાં નહોતા છતાં ગુજરાતના મધ્ય ઉત્તર ભાગમાં અને કાઠિયાવાડમાં છુટું છવાયું આવેલું છે. બધા ગાયકવાડી મુલકના અધિપતિ રાજાને, મહારાજા ગાયકવાડ સરકાર. કે શ્રીમંત ગાયકવાડ સરકાર કહે છે. હાલમાં મહા પ્રતાપી નામદાર મહારાજા શિયાજી રાવ, ગાયકવાડી રાજ્યના રાજા છે. તેમની રાજધાની વડોદરા છે. તે નામદાર ગુજરાતનાં ઘણાં સંસ્થાનો પાસેથી અંગ્રેજ સરકાર મારફતે ખંડણી લે છે. અંગ્રેજ સરકાર તરફથી એક અંગ્રેજ રેસિડેન્ટ મહારાજાને સલાહ આપવા તથા મદદ કરવા સારૂ રાજધાની વડોદરામાં રહે છે.

આ રાજ્યનો વિસ્તાર ૮૨૦૦ ચો. મૈલ છે, રાજ્યમાં ૩૦૦૦ ગામ છે અને આશરે. વીશ લાખ માણસોની વસ્તી છે.

આ રાજ્યની બધી સત્તા શ્રીમંત મહારાજા શિયાજીરાવ ગાયકવાડ સરકારના હાથમાં છે, તેમના હાથ નીચે રાજકારભાર ચલાવવાને માટે દિવાન કે પ્રધાન નીમેલા છે. દિવાન સાહેબ રાજ્યનાં સઘળાં ખાતાંઓ ઉપર દેખરેખ રાખે છે આખા રાજ્યના ચાર પ્રાંત (જીલ્લા) ઠરાવ્યા છે. અને અંગ્રેજ સરકારના ખાલસા રાજ્યની માફક દરેક પ્રાંતમાં મહેસુલ ઉઘરાવવા માટે સુબા, ન્યાય કરનાર જડજ, સુલેહ સાચવનાર પોલિસસુબા, દવાખાના માટે સિવિલસરજન, કેળવણી ખાતાના ઇન્સ્પેકટરો, એ મુખ્ય અમલદારો નીમેલા હોય છે.

પ્રાંતનો સુબો તે આપણા જીલ્લાના કલેકટરની બરાબર, પ્રાંતના દરેક મહાલનો વહીવટદાર, તે મામલતદારની

બરાબર; અને ગામડાંમાં તલાટી તથા મુખી હોય છે. પ્રાંતના સુબાઓના ઉપરીને સરસુબા કહે છે, તેનો દરજ્જો કમિશ્નરના જેવો હોય છે. અને તે આખા રાજ્યના વસુલાત ખાતાની સંભાળ રાખે છે. આખા રાજ્યની મુખ્ય અદાલત વડોદરામાં છે, તેને વરીષ્ઠ કોર્ટ કહે છે. અને તેના અધિકારીઓ સરન્યાયાધીશ કહેવાય છે.

નામદાર ગાયકવાડ સરકાર પોતાની પ્રજાની આબાદાની દિન પ્રતિદિન વધારવાને માટે સખ્ત પ્રયાસો કરે છે. તેમણે આખા રાજ્યમાં ફરજીઆત કેળવણીની પ્રથા દાખલ કરી છે. ભણનાર વિદ્યાર્થીઓની કંઈ પણ ફી લેવામાં આવતી નથી. મોટાં શહેરોમાં હાઇસ્કુલો અને હુન્નરશાળાઓ કાઢી, અનેક બાળકોને તેનો મફત લાભ આપે છે. વડોદરા પ્રાંત, કડી પ્રાંત, નવસારી પ્રાંત અને અમરેલી પ્રાંત એમ આખા રાજ્યના ચાર વિભાગ કરેલા છે.

સોરઠ.

આ પ્રાંત કાઠિયાવાડની દક્ષિણે અને અરબ્બી સમુદ્રની અડોઅડ આવેલો છે.

પર્વતો—ગીરનાર અને ગીર.

ગીરનાર ઉપર અંબાજી, ગુરૂદત્તાત્રેય, અને ગોરખનાથ, એ હિંદુઓનાં જાત્રાનાં ઠેકાણાં છે.

નેમનાથ એ શ્રાવક લોકોનું અને દાતાર એ મુસલમાન લોકોનું જાત્રાનું ઠેકાણું છે.

ગીર એમાં તુળસી સ્યામના પાણીના કુંડ છે, અને જાત્રાનું ઠેકાણું છે.

ગીરના જંગલોમાં વાઘ, ચિત્તા વગેરે જંગલી જનાવરો થાય છે.

નદીઓ—ભાદર અને ઓઝત.

ભાદર નદી આખા કાઠિયાવાડની બધી નદીઓ કરતાં મોટી છે અને ધંધુકા તાલુકામાં પણ તે પ્રસરેલી છે.

મુખ્ય સંસ્થાનો.

જુનાગઢ.
પોરબંદર. } પહેલા વર્ગનાં.
જાફરાબાદ.

માણસા. ત્રીજા વર્ગનું.

જેતપુર. ચોથા વર્ગનું.

જુનાગઢ—એ ગીરનારની પશ્ચિમે સુંદર શહેર છે. રાજા બાબી કુળના મુસલમાન છે, ને તે નવાબ કહેવાય છે, શહેરની પૂર્વ તરફ જુનો કિલ્લો કે જેને ઉપર કોટ કહે છે. તે, રાજ્ય મહેલ, બહાઉદ્દીન કોલેજ અને કબરો જોવા જેવાં છે. અહીંના નવાબ કાઠિયાવાડના ઘણાખરા રાજાઓ પાસેથી ખંડણી લે છે.

વેરાવળ—અરબી સમુદ્રપર મોટું બંદર છે.

પ્રભાસ પાટણ—ત્યાં સોમનાથ મહાદેવનું પ્રસિદ્ધ દહેરૂં છે.

પોરબંદર—મોટું બંદર છે, શ્રી કૃષ્ણના મિત્ર સુદામાજીનું ત્યાં પ્રસિદ્ધ મંદિર છે તેથી તે સુદામાપુરી પણ કહેવાય છે. પોરબંદરના પત્થર અને ઘી પરદેશ જાય છે.

જાફરાબાદ—મોટું બંદર છે તે મુંબઈની દક્ષિણે આવેલા જંજીરા સંસ્થાનના તાબામાં છે. અહીંનું ઘી વખણાય છે.

બાટવા—બાબી મુસલમાનનો તાલુકો છે.

જેતપુર—કાઠી દરબારનો મોટો તાલુકો છે.

જેતલસરમાં—આ પ્રાંતના પોલિટિકલ એજંટ રહે છે.

નિકાશ—બાજરી, જુવાર, ઘઉં, ચણા, શેરડી, ગીર-માંથી ઘી, મધ ને મીણ આવે છે.

કાઠિયાવાડ એજન્સિ.

૧ કાઠિયાવાડનું બીજું નામ સૌરાષ્ટ્ર અથવા સોરઠ છે.

૨ જુનાગઢ, દીવ, અને કોડીનારનો મુલક આજે પણ સોરઠ કહેવાય છે.

૩ કાઠી નામના રજપુતો આ ભાગમાં વસતા હતા તે ઉપરથીજ કાઠિયાવાડ નામ પડેલું છે.

૪ કાઠિયાવાડની ત્રણે બાજુએ દરિઆ અને ફક્ત કચ્છના રણવાળી એક બાજુએ જમીન હોવાથી કાઠિયાવાડ દ્વિપકલ્પ છે.

૫ આ દ્વિપકલ્પમાં (૧) આયકવાડી, અમરેલી પ્રાંત, ને ઓખા મંડળ (૨) ફીરંગીનું દીવ. (૩) અંગ્રેજી ધંધુકા તાલુકો અને ઘોઘા મહાલ (૪) અને તે ઉપરાંત ૧૯૩ નાના મોટાં રાજ્યો છે.

૬ ભાવનગર, પોરબંદર, ગોંડલ, ધ્રાંગધ્રા, મોરબી, અને નવાનગર, જુનાગઢ, ને જાફરાબાદ એ આઠ પહેલા વર્ગનાં રાજ્યો છે. વાંકાનેર, પાલિતાણા, ધ્રોળ, લીંબડી, રાજકોટ અને વઢવાણ એ છ બીજા વર્ગના રાજ્યો છે. બાકીનાં બધાં ત્રીજા ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા વર્ગનાં રાજ્યો છે. તેઓની સત્તા અનુક્રમે ઉતરતી હોય છે.

૭ કાઠિયાવાડનાં બધાં રાજ્યોની દેખરેખ માટે મુંબાઇના ગવર્નર તરફથી એક અમલદાર રાજકોટમાં રહે છે, તે એજંટ ટુ ધી ગવર્નર કહેવાય છે. તેમના હાથ નીચે બીજા ચાર અમલદાર છે. તેમને પોલિટિકલ એજંટ કહે છે. આખા કાઠિયાવાડના ચાર ભાગ પાડી

હેઈ દરેક પો. એ ના. ચાર્જમાં એકેક પ્રાંત આપેલો છે. (૧) હાલાર (૨) ઝાલાવાડ (૩) ગોહિલવાડ (૪) સોરઠ એ ચાર પ્રાંતોના જુદા જુદા પો. એ. છે

૮ પર્વતો—ગીર, ગીરનાર, બર્ડો, હાલાર, શેત્રુંજો.

૯ નદીઓ—ભાદર, શેત્રુંજી, મચ્છુ વીગેરે.

૧૦ બંદરો—દ્વારકાં, પોરબંદર, વેરાવળ, દીવ, જાફરાબાદને ભાવનગર.

૧૧ બેટ—દીવબેટ, નારીબેટ ને શંખોદ્ધાર.

૧૨ તિર્થસ્થળ—દ્વારિકા, ગીરનાર, ને શંખોદ્ધાર, તથા જૈન લોકોનું પાલિતાણા.

૧૩ લોકો—સોલંકી, જાડેજા, પરમાર, ને અને કાઠી રજપુતો તથા મેમણ, મીઆણી વગેરે મુસલમાનો; અને બીજી પરચુરણ જાતો.

૧૪ ધંધો. ખેતી, અતલસ, કીનખાબ તથા સોનેરી કસબ કામનો અને ગુલાલ, કંકુ, મીઠું વગેરે બનાવવાનો.

૧૫ કાઠિયાવાડની અંદર આવેલા, અમરેલી પ્રાંત અને ઓખામંડળનું વર્ણન આગળ ગાયકવાડી રાજ્યમાં આવશે.

૧૬ વસ્તી. ૨૦૩૨૮૦૦ માણસની છે.

હાલાર પ્રાંત.

આ પ્રાંત કચ્છના અખાતથી દક્ષિણે અને અરબીસમુદ્રની પુર્વમાં આવેલો છે. આ પ્રાંત અસલ જામ હાલાજીએ જીત્યો હતો. તે ઉપરથી તેનું નામ હાલાર પાડેલું છે.

પર્વત—બર્ડો અને ચોટિલા. બર્ડોના ડુંગરોમાં વાસ થાય છે.

નદીઓ—મચ્છુ, આજી, ઉંડ અને ગોંડળી.

મુખ્ય સંસ્થાનો.

નવાનગર, ગોંડળ અને મોરબી. એ ત્રણ પહેલા વર્ગનાં તથા વાંકાનેર, ધ્રોળ અને રાજકોટ એ ત્રણ બીજા વર્ગનાં છે.

નવાનગરનું રાજ્ય અમદાવાદ જીલ્લા જેવડું છે પણ વસ્તી તેનાથી ૦।। છે. રાજધાની નવાનગર કંકુ તથા રેશમી અને કસબી ભરત કામને માટે પ્રખ્યાત છે. રાજાને જામ કહે છે તેથી નવાનગરને જામનગર પણ કહે છે. આ રાજ્યની હદમાંથી મોતી નીકળે છે અને બર્ડો પર્વતમાંથી આરસ તથા લોખંડ નીકળે છે. આ રાજ્યનું ખંભાળીયા ગામ છે તેમાંથી તાંબુ નીકળે છે. સલાયા તથા જોડીઆ મોટાં બંદરો છે અને બાલાચડી હવા ખાવાનું સ્થળ છે.

ગોંડળ રાજ્ય એ ગોંડળી નદીને કાંઠે છે. ખંભાતના રાજ્યથી ત્રણ ગણું અને વસ્તીમાં બમણું છે. રાજા જાડેજા રજપુત છે અને તે ઠાકોર કહેવાય છે. રાજધાની ગોંડળમાં ગરાસીઆ કોલેજ જોવા જેવી છે અને આ રાજ્યનું ધોરાજી શહેર મોટું વેપારી મથક છે.

મોરબીના રાજ્યમાં મોરબી મચ્છુ નદીને કાંઠે છે. રાજા જાડેજા રજપુત છે અને રાજ્ય ખંભાતથી અઢીગણું છે. મચ્છુ નદીપરનો ઝોલાપુલ જોવાલાયક છે. મોરબીનાં તાંબા પિત્તળનાં વાસણો બહુ સારાં થાય છે. મોરબીથી વવાણીઆ બંદર સુધી ટ્રામવે છે. વવાણીઆ બંદર કચ્છના અખાત ઉપર આવેલું છે. બીજા વર્ગના રાજ્યોમાં વાંકાનેર અને ધ્રોળ તથા રાજકોટ છે. રાજકોટ. આજી નદીના કિનારાપર આવેલું છે તેમાં રાજ કુંમાર કોલેજ તથા જ્યુબિલીનું સંગ્રહ સ્થાન જોવા લાયક છે. કાઠિયાવાડના એજંટ ટુ ધી ગવર્નર અહીં રહે છે અને શહેરની પશ્ચિમ બાજુએ કાંપ છે

નિકાશ—બાજરી, જુવાર, ઘઉં ને શેરડી.
ખનીજો—તાંબુ, આરસ ને લોખંડ.

ઝાલાવાડ.

આ પ્રાંત હાલારની પૂર્વે તથા કાઠિયાવાડની ઉત્તરે અને કચ્છના રણની ધણીજ પાસે આવેલો છે અને આ પ્રાંતનાં ઘણાં ખરાં સંસ્થાનો ઝાલા રજપુતોનાં હોવાથી તે ઝાલાવાડ કહેવાય છે.

મુખ્ય પર્વત—ચોટીલા તેમાંથી ભોગાવો અને શુક ભાદર વગેરે નદીઓ નીકળે છે.

નદીઓ—શુકભાદર, મચ્છુ, લીંબડીનો ભોગાવો ને વઢવાણનો ભોગાવો.

મુખ્ય સંસ્થાનો.

૧ ધ્રાંગધ્રા.　પહેલા વર્ગનું.

૨ વઢવાણ. } બીજા વર્ગનાં
૩ લીંબડી. }

૪ લખતર, સાયલા, ને ચુડા ત્રીજા વર્ગનાં

ધ્રાંગધ્રા—ફલકા નદીને કાંઠે છે તેના રાજાને રાજ કહેછે. પહેલાં ધ્રાંગધ્રા રાજની રાજગાદી હળવદમાં હતી. ધ્રાંગધ્રાના પથરો વખણાય છે.

લીંબડી—ભોગવો નદીને કાંઠે છે, ત્યાં સોપારી કાતરવાની સુડીઓ સારી થાય છે.

વઢવાણ—રેલવે જંકશન છે. શહેરથી ત્રણ મેલપર કાંપ છે. ઝાલાવાડના પોલિટિકલ એજંટ અહીં રહે છે. રેલવે વેપાર સારો ચાલે છે અને તાલુકદારોના કુંવરોને ભણવાની ગરાસીઆ સ્કુલ છે.

લખતર—એનું બીજું નામ થાન છે. ત્યાંનાં માટીનાં વાસણ બહુ સારાં થાય છે.

ચુડા—ત્યાંનાં હવા પાણી બહુ સારાં છે. અને લોઢાના દેશીકાંટા બહુ સારા બને છે.

મુળી—સ્વામીનારાયણનું મોટું મંદિર છે.

નિકાશ—જવ, ઘઉં, જુવારને બાજરી.

ગોહિલવાડ.

આ પ્રાંત કાઠિયાવાડના દક્ષિણ ભાગમાં આવેલો છે. અને ગોહિલ નામના રજપુતોનાં રાજ્યો હોવાથી તેનું નામ ગોહિલવાડ પડેલું છે. ભાલ, વાળાક, અને બારા પાટના કુદરતી ભાગ તેમાં આવેલા છે તથા જમીન કાળીને રસાળ છે.

મુખ્ય પર્વત—વાળાકગીર તેના ઉત્તર ભાગને શેત્રુંજો અને દક્ષિણ ભાગને મોરધાર કહે છે. શેત્રુંજાની ઉપર શ્રાવક લોકોનાં ઘણાં દેરાસરો છે. જાત્રાઓ ભરાય છે.

મુખ્ય નદીઓ—શેત્રુંજી—ઘેલો ને કાળુભાર. ઘેલો નદી ગઢડા પાસે થઇને વહે છે તેથી સ્વામીનારાયણના પંથવાળા લોકો તેને ગંગાની માફક પવિત્ર માને છે. કાળુભાર નદી ભાવનગરની ખાડી કહેવાય છે.

સંસ્થાન.

ભાવનગર. પહેલા વર્ગનું.

પાલીતાણા. બીજા વર્ગનું.

વળા અને જસદણ–ત્રીજા વર્ગનાં.

ભાવનગર રાજ્ય ગોંડળથી અઢીગણું છે અને વસ્તી તેનાથી ત્રણગણી છે. રાજધાની ભાવનગર ઇ. સ. ૧૭૪૧ માં મહારાજા ભાવસીંહજીએ વસાવ્યું હતું, વેપાર અને વસ્તીમાં આખા કાઠીઆવાડમાં પહેલો નંબર ભોગવતું મોટું અને સુંદર શહેર છે. ખંભાતના કિનારાપરનું મોટું બંદર તથા રેલવે સ્ટેશન પણ છે. રાજકર્તા મહારાજા કહેવાય છે. તેમાં એક મહા વિદ્યાલય (આર્ટસ કોલેજ) અને

એક હાઇસ્કુલ તથા મીલ્રપગુ છે. આ રાજ્યની જમીન કાળી હોવાથી કપાસ સારો થાય છે.

શીહોર—ભાવનગર રાજ્યનું એક શહેર, છે તેમાં તાંબા પિત્તળનાં વાસણો સારાં થાય છે.

ડુવા—અરબીસમુદ્રને કિનારે બંદર છે, તેમાં હાથી દાંતની કારીગરી તથા લાકડાનાં રમકડાં સારાં થાય છે.

કુંડલા—લોઢાનો સામાન સારો થાય છે.

ગઢડા—સ્વામીનારાયણના ધર્મનું મોટામાં મોટું ધામ ઘેલો નદી ઉપર છે.

પાલીતાણા—શેત્રુંજાના ડુંગરોને લીધે પ્રખ્યાત છે અને જૈન લોકોનું તિર્થ છે.

વળા—સ્થળ છે, પાસે વલ્લભિપુર શહેરના ખંડેરો છે.

જસદણ—કાઠી દરબારનો મોટો તાલુકો છે.

આ પ્રાતના પોલિટિકલ એજંટ સોનગઢમાં રહેછે.

નિકાશ—બાજરી, ઘઉં, કપાસ ને શેરડી.

વડોદરા પ્રાંત.

આ પ્રાંત ભરૂચ જીલ્લાની પૂર્વે અને ખેડા તથા પંચ મહાલ જીલ્લાની દક્ષિણે આવેલો છે.

નદીઓ—નર્મદા, મહી, વિશ્વામિત્રી ને ઢાઢર.

શહેર—વડોદરા, ડભોઇ, પેટલાદ, સોજીત્રા, ચાણોદ વગેરે.

વડોદરા—આ પ્રાંતની રાજધાનીતીનું શહેર વિશ્વામિત્રી નદી ઉપર આવેલું છે. ભપકા બંધ અને ભવ્ય મકાનો શહેરની શોભામાં વધારો કરે છે. ગાયકવાડ સરકારનો રાજ મહેલ, લક્ષ્મી વિલાસ અને કલા ભવન નામની હુન્નરશાળા જોવા લાયક છે. વડોદરાનો હુન્નર ઉદ્યોગ દિન પ્રતિદિન વધતો જાય છે. સ્ટેશનપર જતાં કમેટીબાગ પણ જોવા જેવો છે. વસ્તી. ૧૪૦૦૦૦

દશ મૈલ ઉપરથી નળ લાવી શહેરમાં પાણી પૂરૂં પાડયું છે.

ડભોઇ—આ શહેરનો કિલ્લો જોવા લાયક છે. વસ્તી ૧૪૦૦૦.

પેટલાદ અને સોજીત્રામાં—દેશી કાપડ સારૂં થાય છે.

ચાણોદ--નર્મદા (રેવા) નદીને કાંઠે તીર્થનુ સ્થળ છે.

આ પ્રાંતની જમીન સપાટ છે, પહાડો અને ડુંગરો જોવામાં આવતા નથી, ફક્ત પૂર્વ ભાગમાં છૂટા છવાયા ડુંગરા છે.

બોમ્બે બરોડા રેલવેથી આ પ્રાંતની મુસાફરીની અને વેપારની સગવડતા સારી છે.

નિકાશ--અનાજ, તમાકુ, તુવેર ને કઠોળ.

કડી પ્રાંત.

આ પ્રાંત અમદાવાદ જીલ્લાના ઉત્તર ભાગમાં આવેલોછે.

નદીઓ—સરસ્વતી, સાબરમતી ને વાત્રક.

શહેરો—પાટણ, કડી, સિદ્ધપુર, વિસનગર, વડનગર, મહેસાણા મોઢેરા ને વિજાપુર.

પાટણ--કડી પ્રાંતનું સૌથી મોટું ને પુરાણું શહેર છે. વનરાજ ચાવડાનું વસાવેલું અહિલપુર પાટણ તે આજ. પાટણનાં પટોળાં ને માટીનાં વાસણો વખણાય છે. વસ્તી ૩૦૦૦૦.

કડી—ના બળદો વખણાય છે વસ્તી. ૧૩૦૦૦.

સિદ્ધપુર--સરસ્વતીને તીરે હિંદુઓનું તિર્થ સ્થળ છે. રૂદ્રમાળનું ખંડેર અહીં છે. વસ્તી. ૧૫૦૦૦.

વિસનગર—તાંબા પિત્તળનાં વાસણો ને હળદર વખણાય છે. વસ્તી. ૧૭૦૦૦.

વડનગર— વાજીંત્રો સારાં થાય છે. વસ્તી. ૧૪૦૦૦.

મહેસાણા—રેલવે જંકશન છે. વસ્તી ૫૦૦૦.

વિજાપુર—અફીણ સારૂં થાય છે.

મોઢેરા—કોઢાના કામ સારાં થાય છે અને કરણ સાગર તળાવ જોવા લાયક છે.

આ પ્રાંત ગાયકવાડી રાજ્યના ચારે પ્રાંતોમાં સૌથી મોટો છે.

થળ, ચુંવાળ, અને વઢીઆરના કુદરતી વિભાગો આ પ્રાંતમાં આવેલા છે. અને તેના બધા ભાગમાં રેલવે હોવાથી મુસાફરી અને વેપારી અનુકુળતા સારી છે.

નવસારી પ્રાંત.

આ પ્રાંત રેવા કાંઠા એજન્સિ અને સુરત જીલ્લાની વચ્ચે આવેલો છે.

નદીઓ—તાપી, પૂર્ણા ને અંબિકા.

શહેરો—નવસારી, ગણદેવી, બીલીમોરા, વ્યારા ને સોનગઢ.

નવસારી—આ પ્રાંતનું મુખ્ય શહેર છે. પારસી લોકો આપણા દેશમાં આવ્યા ત્યારે પહેલવહેલા અહીં ઉતર્યા હતા. જેથી હાલ પણ ત્યાં પારસીઓની વસ્તી વધારે છે. વસ્તી ૨૧૦૦૦.

ગણદેવી—ગોળ વખણાય છે.

બીલીમોરા—એક નાનકડું બંદર છે.

વ્યારાને સોનગઢમાં ગાયકવાડ સરકારે વસતિ ગૃહશાળાઓ (બોર્ડીંગ સ્કુલો) હલકી જાતિના લોકોને માટે કાઢેલી છે. અને ત્યાં તેમને મુફત શિક્ષણ આપવામાં આવે છે.

વળી આ વ્યારાને સોનગઢ મહાલમાં જંગલો હોવાથી મહુડાં અને ઈમારતી લાકડાં સારાં થાય છે.

મુંબાઈ જતી રેલવે તેમજ ટાપ્ટી વેલી રેલવે આ મહાલો આગળ થઇને જાય છે જેથી વેપારને લાભ થાય છે.

અમરેલી પ્રાંત.

કાઠિઆવાડની અંદર ગાયકવાડ સરકારનો જે છુટો છવાયો મુલક છે તેનો આ અમરેલી પ્રાંત બનાવ્યો છે.

નદીઓ—શેત્રુંજી, સોમત ને શીંગવડો.

મુખ્ય મહાલ—અમરેલી, ધારી, કોડીનાર, દામનગરને ઓખા મંડળ.

મુખ્ય શહેરો—અમરેલી, ધારી,કોડીનાર, દામનગર, દ્વારિકા અને શંખોદ્વાર વિગેરે.

અમરેલીનું વણાટ કામ તથા રંગાટ કામ સારૂં થાય છે.

ધારી—ગાયકવાડ સરકારની લશ્કરી છાવણી છે.

દ્વારકા—હિંદુઓનું તિર્થ સ્થળ છે. ને ત્યાં રણછોડજીનું મોટું ધામ છે.

શંખોદ્વાર—કચ્છના અખાતમાં બેટ છે. અને હિંદુઓનું તિર્થ સ્થળ છે.

નિકાશ—જુવાર.

બાજરી, શેરડી ને કપાસ.

સામાન્યવર્ણન.

૧ **ધર્મ**—ગુજરાતના લોકો હિંદુ, મુસલમાની, જૈન, પારસી અને ખ્રિસ્તી ધર્મ પાળે છે.

૨ **ધંધો**—ખેતી, મજુરી, નોકરી, કારીગરી અને રેશમ તથા સુતરના વણાટનો.

૩ **અખાત**—કચ્છ અને ખંભાતનો.

૪ **રણ**—કચ્છનું.

૫ **જંગલ**—ગીરનું તેમાં સિંહ થાય છે.

૬ પર્વતો—ખરાસુર, આબુ, શિરોઇ, ચોટિલા, શેત્રુંજો, ગીર, ગીરનાર, બર્ડો, હાલાર ને પારનેરાનો ડુંગર.
૭ નદીઓ—બનાસ, સરસ્વતી, સાબરમતી, મહી, નર્મદા, તાપી, વિશ્વામિત્રી, ઢાઢર, ભિંઢોળા, પુર્ણા, આંબિકા, ઓરંગા ને દમણગંગા.
૮ જાત્રાનાં ઠેકાણાં—અંબાજી, બહુચરાજી, શામળાજી સિદ્ધપુર, દ્વારિકાં, વડતાલ, ડાકોર. જૈન લોકોનું. પાલીતાણા, પારસીનું ઉદવાડા.
૯ હવાખાવા નાં ઠેકાણાં—આબુ, તિથળ, ડુમસ, હજીરા.
૧૦ મીઠું પકવવાની જગા—ખારા ઘોડા. ને ધરાસણા
૧૧ ઉના પાણીના કુંડ--વસુંદ્રા, દેવકી ઉનાઇ, તુવા.
૧૨ ખનીજ પદાર્થ—કાઠિઆવાડના ડુંગરોમાંથી આરસ પથ્થર નીકળે છે દાંતાની ખાણો,
પાવાગઢ અને બર્ડોના ડુંગરમાંથી લોઢું નીકળે છે.

રાજ પીંપળાના પર્વતો અને ખંભાતમાંથી અકીકના પથ્થર નીકળે છે.

પંચમહાલમાંથી સીસું નીકળે છે અને મહુડાનાં ઝાડ પુષ્કળ થાય છે.

પંચમહાલ, રેવાકાંઠા અને સુરત એજન્સિમાંથી ઇ-મારતી લાકડાં મળે છે,

નદીઓનાં મુળ.

આબુ પર્વતમાંથી નીકળતી નદીઓ
બનાસ, સરસ્વતી, સાબરમતી, હાથમતી, વાત્રક.
સાતપુડા પર્વતમાંથી-તાપી નર્મદા, આંબિકા.
માળવાના ડુંગરોમાંથી —મહી નદી.
રાજપીંપળાના ડુંગરોમાંથી--વિશ્વામિત્રી ઢાઢર.

શેત્રંજામાંથી—બગડ ને શેત્રુંજી.
ચોટીલામાંથી—ભોગવો, ભાદર, ઉતાવળી, મચ્છુ ને ઘેલો.
પાવાગઢના ડુંગરમાંથી—ઢાઢર નદી નીકળે છે.

નદીઓનાં મુખ.

કચ્છનારણને મળનારી નદીઓ—બનાસ, સરસ્વતી, ફલકુ, મચ્છુ, બાંભાન.

કચ્છના અખાતને મળનારી-રૂંડ, રંગમતી, રામાવતી.

ખંભાતના અખાતને મળનારી—સાબરમતી, મહી, નર્મદા, તાપી, ઢાઢર, અંબિકા, પુર્ણા, ઔરંગા, દમણ ગંગા.

અરબી સમુદ્રને મળનારી—ભાદર, શીંગવડો, રૂપણ.

ગુજરાતના કુદરતી વિભાગ.

વઢીઆર—સરસ્વતી અને સાબરમતી નદી વચ્ચેનો સપાટ પ્રદેશ કે જ્યાં પુષ્કળ ઘાસ ચારો થાય છે. તે.

બાળાક—મહી અને ઢાઢર નદી વચ્ચેનો પ્રદેશ.

ચરોતર—સાબરમતી અને મહી નદીની વચ્ચેનો ખંભાતની ઉત્તરના ખેડા જીલ્લાવાળો ભાગ કે જેમાં કપાસ કેરીઓ અને તમાકુ પુષ્કળ થાય છે.

નળકાંઠો—સાબરમતીની પશ્ચિમે આવેલો ધોળકા તાલુકાનો નળ તળાવના કાંઠાપરનો ભાગ તેમાં બીઠ બહુ થાય છે.

મહીકાંઠો—મહી નદીની આજુ બાજુનો પ્રદેશ-જેને મેવાસ પણ કહે છે આ પ્રદેશમાં ડુંગરો અને જંગલો બહુ છે ને તેમાંથી પુષ્કળ ઇમારતી લાકડાં નિપજે છે.

રેવાકાંઠો--રેવા (નર્મદા) અને તાપી નદીની વચ્ચેનો ડુંગરી પ્રદેશ તેમાંથી પણ ઇમારતી લાકડાં બહુ નીકળે છે.

રણકાંઠો—કચ્છના રણનો કાંઠો વઢવાણનો ભોગવો અને મચ્છુ નદીની વચ્ચેના ભાગને રણકાંઠો કહે છે આ વિભાગની જમીન રેતાળ અને ગેરાડુ છે. ખેતીની પેદાશમાં ફક્ત બાજરી થાય છે. ઉનાળામાં બહુ ગરમી પડે છે. રેતી ઉડે છે અને પાણીની તંગાસ પડે છે.

પાંચાળ--ચોટીલા પર્વતની આસપાસના ડુંગરી પ્રદેશને પાંચાળ કહે છે તેમાં ખેતી બહુ સારી થતી નથી પણ ઘાસ પુષ્કળ નીપજે છે પાંચાળનાં ગામડાં નાનાં અને ઉજડ છે, આભાગના ઘોડા બહુ વખણાય છે.

ભાલ--પાંચળની પુર્વે, સુક ભાદર અને કાળુભાર નદીના વચ્ચેના નીચા ને સપાટ પ્રદેશને ભાલ કહે છે. આ ભાગમાં ચોમાસામાં પાણી ભરાઇ રહે છે તેથી ચોમાસું પાક થોડો થાય છે. જ્યારે પાણી સુકાય છે ત્યારે તેમાં ઘઉંનું વાવેતર થાય છે. ઘઉં વાવ્યા પછી તેને પાણી પાવું પડતું નથી પણ પાક ઘણો સારો ઉતરે છે. બીજી વનસ્પતિની બહુ અછત છે.

ગુજરાત પ્રાંતની રાજ્ય વ્યવસ્થા.

આપણા પ્રાંતમાં અંગ્રેજ સરકાર જુદાં જુદાં ખાતાંઓ મારફતે રાજ્ય ચલાવે છે. એ બધાં ખાતાંની દેખરેખ આપણા પ્રાંતના કમિશ્નર સાહેબ રાખે છે અને દરેક ખાતાના સૌથી મોટા અંગ્રેજ અમલદારો ખાતાવાર જુદા જુદા હોય છે. તેમનો સંબંધ ઇલાકા સાથે બંધાયલો હોય છે.

(૧) કેળવણી ખાતું. (૨) રેવન્યુ ખાતું. (૩) ન્યાય ખાતું. (૪) મ્યુનિસિપાલ ખાતું. (૫) પોસ્ટ ખાતું. (તાર

ખાતાં સહીત) (૬) સુખાકારી ખાતું. ( ) બાંધ કામ ખાતું (૮) પોલિસ ખાતું. આ સિવાય પણ અનેક બીજાં ખાતાંઓ છે.

કેળવણી ખાતું—આ ખાતુ આખા પ્રાંતની નિશાળોની વ્યવસ્થાનું કામ કરે છે. આ ખાતામાં સૌથી ઉપરી ડિરેક્ટર સાહેબ કહેવાય છે તે ઇલાકામાં રહે છે. તેમના હાથ નીચે જુદા જુદા પ્રાંત વાર ઇન્સ્પેકટરો અને ઇન્સ્પેકટરોના હાથ નીચે જીલ્લાવાર ડેપ્યુટિ ઈન્સ્પેકટરો હોય છે. ડે. ઈ. ના તાબામાં નિશાળના મહેતાજીઓ અને માસ્તરો હોય છે.

રેવન્યુ ખાતું—આ ખાતું કમિશ્નર સાહેબની ખાસ દેખરેખ નીચે છે. જમીનનું મહેસુલ ઉઘરાવવાનું કામ આ ખાતાથી થાય છે કમિશ્નરના હાથ નીચે જીલ્લાવાર કલેકટર. કલેકટરના હાથ નીચે ડેપ્યુટિકલેકટર અને તાલુકાવાર મામલતદારો હોય છે. મામલતદારના હાથ નીચે ગામવાર તલાટી અને મુખી હોય છે.

ન્યાય ખાતું—ખુનના ભારે કેશ ને લેણદેણના દાવાના ચુકાદા તથા અપીલ આ ખાતામાં થાય છે. તેમાં દરેક તાલુકાવાર મુન્સફ (સબજડજ) તથા તેમના મદદગાર નાજર, કારકુનો શીરસ્તેદાર કારકુનો તથા બેલીફો, ને પટાવાળા, વીગેરે સોંપેલા હોય છે. મુન્સફના ઉપરી જીલ્લાના ડિસ્ટ્રીકટ એન્ડ શેશન્સ જડજ કહેવાય છે મુન્સફોના કામ ઉપરની અપીલ તેઓ સાંભળે છે.

મ્યુનિસિપલ ખાતું—મોટાં શહેરોમાં રસ્તા સડકો બંધાવવા, છંટાવવા, રાત્રે દીવાબતી કરાવવી, શહેરની આરોગ્યતા જાળવવાના ઉપાયો યોજવા, પાણીના નળ, ગટર ઇલેકટ્રીક વિગેરે બાબતોનાં કામકાજ આ ખાતું કરે છે.

પોસ્ટ ખાતું—કાગળો, બંગીઓ તથા એક ગામથી બીજે ગામ પૈસા વિગેરે લાવવા લઇ જવાનું અને સેવિંગ બેંકનું કામ આ ખાતું કરે છે. દરેક મોટા ગામ, કસ્બા, તાલુકા, અને શહેરોમાં પોષ્ટ ઓફિસ હોય છે. તેના ઉપરી પોસ્ટ માસ્તર કહેવાય છે. તેમનાપર તપાસ રાખનાર ઇન્સ્પેક્ટરો હોય છે, તેમના ઉપરીને પોસ્ટ માસ્તર જનરલ અને પ્રાંતના ઉપરીને પોષ્ટલ સુપ્રિન્ટેન્ડેન્ટ કહે છે. પોષ્ટઓફિસમાં તાર ખાતું પણ હોય છે તે સીવાય દરેક સ્ટેશનોપર ખાસ તારખાતું હોય છે.

સુખકારી ખાતું—દરેક તાલુકામાં દવાખાનું હોય, ત્યાં માંદાં માણસો ને દવા કરે છે. તે દાક્તર કહેવાય છે. અને નાનાં બાળકોને બળીઆ કાઢવા માટે (વેકસીનેટર શીળી) દાક્તરો પણ રાખેલા હોય છે જીલ્લાના મુખ્ય શહેરમાં માંદાં માણસો સગવડતા સાથે રહી શકે તેને માટે એક મોટું દવાખાનું કાઢેલું હોય છે. તેના ગોરા દાક્તરને સિવિલ સર્જન કહે છે. તે તાલુકાનાં દવાખાનાઓ ઉપર દેખરેખ પણ રાખે છે.

બાંધકામ ખાતું—સરકારી મકાનો, ધર્મશાળાઓ, રસ્તાઓ, કુવા, તળાવ, પુલ વીગેરે બંધાવવાનું તથા સંભારવાનું કામ આ ખાતું કરે છે. તેમાં તાલુકાવાર ઓવરસીયર હોય છે અને તેમના પર જીલ્લાના ઇજનેર સાહેબ તપાસ રાખે છે.

પોલિસ ખાતું—ચોરી, લૂટ, ખૂન, મારા મારી, તિરસ્કાર, વિગેરે ગુન્હાઓ પકડવાનું અને પ્રાંતની સુલેહ સાચવવાનું કામ, આ ખાતુ કરે છે. ગામડામાં પોલીસ પટેલ (મુખી) અને તાલુકામાં ફોજદાર હોય છે. તેના હાથ નીચે જમાદાર, હવાલદાર, નાયક અને સીપાઇઓ મદદમાર

તરીકે હોય છે અને તેઓ પોલીસ કમિશ્નર સાહેબના તાબામાં હોય છે.

આ સિવાય કસ્ટમ ખાતું, જંગલ ખાતુ, ઓપિયમ ખાતુ વીગેરે બીજાં ખાતાંઓ પણ છે. તે બધાં કમિશ્નર સાહેબની દેખરેખ નીચે હોય છે. દયાળુ સરકારે દેશની આબાદાની જાળવવા માટે જુદાં જુદાં ખાતાંઓથી કેવી શાણી રાજનીતિ દાખલ કરી છે? રાજા અને રંક શ્રીમંત અને ગરીબ બધાંને એક સરખી નજરથી નિહાળી રાજ ચલાવનાર સરકારનો આપણે અંતઃકરણ પૂર્વક આભાર માનવો જોઇએ.

દેશી સંસ્થાનોની વર્ગવારી હકીકત.

સંસ્થાનું નામ.	અટક.	જાત.	વસ્તી.
વડોદરા	મહારાજા ગાયકવાડ	મરેઠા	૧૯૫૩૬૮૨

કાઠિઆવાડ.

પહેલો વર્ગ

જુનાગઢ	નવાબ	બાબી મુસલમાન	૩૯૫૪૨૮
નવાનગર	જામ	જાડેજા રજપુત	૩૩૬૨૧૯
ભાવનગર	મહારાજા	ગોહિલ રજપુત	૪૧૨૬૬૪
ધ્રાંગધ્રા	રાજ	ઝાલા રજપુત	૭૦૮૮૦
મોરબી	ઠાકોર	જાડેજા રજપુત	૮૭૬૫૩
ગોંડળ	ઠાકોર	,,	૧૬૧૯૦૪
પોરબંદર	રાણા	જેઠવા રજપુત	૮૨૬૪૦
જાફરાબાદ	નવાબ	હબસી મુસલમાન	૧૨૦૯૭

બીજા વર્ગના

વાંકાનેર	રાજા	ઝાલા રજપુત	૨૭૩૮૩
પાલીતાણા	ઠાકોર	ગોહિલ રજપુત	૫૨૮૫૬
ધ્રોળ	ઠાકોર	જાડેજા રજપુત	૨૧૯૦૭
લીંબડી	ઠાકોર	ઝાલારજપુત	૩૫૨૮૭
રાજકોટ	ઠાકોર	જાડેજા રજપુત	૪૯૬૬૨
વઢવાણ	ઠાકોર	ઝાલા રજપુત	૩૪૮૫૭

ત્રીજા વર્ગ

વળા	ઠાકોર	ગોહિલ રજપુત	૧૩૨૮૫
લખતર	ઠાકોર	ઝાલા રજપુત	૧૫૧૧૪
બાટવા	ખાન	બાબી મુસલમાન	૬૮૮૫૨
જસદણ	દરબાર	ખાચર કાઠી	૨૫૭૨૭
સાયલા	ઠાકોર	ઝાલા રજપુત	૧૧૬૬૧
સુડા	ઠાકોર	ઝાલા રજપુત	૧૨૦૦૫
જેતપુર	દરબાર	વાળાકાઠી	૧૦૬૯૨૫

ચોથો વર્ગ

લાઠી	ઠાકોર	ગોહિલ રજપુત	૮૮૩૧
મૂળી	ઠાકોર	પરમાર રજપુત	૧૫૨૩૬
વીરપુર	ઠાકોર	જાડેજા રજપુત	૬૧૪૬
બજાણા	મલેક	મલેક મુસલમાન	૧૦૨૭૯
માળીઆ	ઠાકોર	જાડેજા રજપુત	૯૧૭૬
કોટડા	સાંગાણી ઠાકોર	જાડેજા રજપુત	૮૮૩૬
પાટડી	દેશાઇ	કડવા કણબી	૨૧૬૦

પાલનપુર એજન્સિ.

પહેલો વર્ગ

પાલનપુર	નવાબ	પઠાણ મુસલમાન	૨૨૨૬૨૭
રાધનપુર	નવાબ	બાબી મુસલમાન	૬૧૫૪૮

મહીકાંઠા એજન્સિ.

પહેલો વર્ગ

ઇડર	મહારાજા	રાઠોડ રજપુત	૧૬૮૫૫૭

બીજો વર્ગ

પોળો	રાવ	રાઠોડ રજપુત	૩૫૫૯
દાંતા	મહારાણા	પરમાર રજપુત	૧૫૨૬૨

ત્રીજો વર્ગ

મોહનપુર	રાવળજી	રાઠોડ રજપુત	૮૦૬૪
માણસા	રાવળજી	ચાવડા રજપુત	૪૫૩૦
મોહનપુર	ઠાકોર	રેવર રજપુત	૧૦૦૪૦

ચોથો વર્ગ

પેથાપુર	ઠાકોર	વાઘેલા રજપુત	૫૭૫૩
રણાસણ	ઠાકોર	રેવર રજપુત	૫૯૪૧
ઘોડાસર	ઠાકોર	ડાભી કોળી	૬૨૧૯
કટોસણ	ઠાકોર	મકવાણા કોળી	૧૦૭૪૦
આમલીઆરા	ઠાકોર	ચહુવાણ કોળી	૭૨૭૭

રેવાકાંઠા એજન્સિ.

પહેલા વર્ગનું

રાજપીપળા	મહારાણા	ગોહિલ રજપુત	૧૧૭૧૭૫

બીજો વર્ગ.

છોટા ઉદેપુર	મહારાવળ	ચહુઆણ રજપુત	૬૪૬૨૧
બારીઆ	”	”	૮૧૫૭૯
લુણાવાડા	મહારાજા	સોલંકી રજપુત	૬૩૯૬૮
વાડાસિનોર	નવાબ	બાબી મુસલમાન	૩૨૬૧૮
સુથ	મહારાણા	પરમાર રજપુત	૩૯૯૫૭

સુરત એજન્સિ.

પહેલો વર્ગ

ધરમપુર	મહારાણા	સીસોદિઆ રજપુત	૧૦૦૪૫૩
વાંસદા	મહારાજા	સોલંકી રજપુત	૪૦૩૮૩

બીજા વર્ગનું

સચીન	નવાબ	હબસી મુસલમાન	૨૦૫૩૦

ખંભાત સંસ્થાન

ખંભાત	નવાબ	મોગલ મુસલમાન	૭૫૨૨૫

પ્રશ્નોત્તર માળા.

સ૦ વેપારનાં સાધન ગણાવો ?

જ૦ (૧) રેલ્વે માર્ગ (૨) પાકી ને કાચી સડકનો માર્ગ (૩) દરીઆ કે નદીનો માર્ગ (૪) પોસ્ટ (૫) તાર.

સ૦ ગુજરાતમાં કઇ કઇ મોટી રેલવે છે ?

જ૦ (૧) બી, બી, એન્ડ સી. આઇ રેલવે. (૨) રજપુતના માળવા રેલવે (૩) ભાવનગર ગોંડળ રેલવે.

સ૦ બીજી નાની રેલવે ગણાવો ?

જ૦ ટાપટી વ્હેલી, રાજ પીપળા સ્ટેટ રેલવે, ડભોઈ રેલવે, આંનદ ખંભાત રેલવે, આનંદ ગોધરા રેલવે, વડોદરા ગોધરા રેલવે, ગોધરા રતલામ રેલવે, અમદાવાદ પ્રાંતીજ રેલવે, અમદાવાદ ધોળકા રેલવે વીગેરે.

સ૦ ગુજરાતમાં આવેલાં મુખ્ય જંકશન ગણાવો ?

જ૦ સુરત, અંકલેશ્વર, વડોદરા, આણંદ, અમદાવાદ, મેસાણા, પાલણપુર, વીરમગામ.

સ૦ કાઠીઆવાડમાં આવેલી મુખ્ય રેલવે ગણાવો ?

જ૦ (૧) ભાવનગર ગોંડળ જુનાગઢ પોરબંદર રેલવે. (૨) મોરબી રેલવે. (૩) રાજકોટ જામનગર રેલવે. (૪) બીબી એન્ડ સી આઇ રેલવે.

સ૦ કાઠીઆવાડમાં આવેલાં મુખ્ય જંકશન ગણાવો ?

જ૦ વઢવાણ, ધોળા, ભાવનગર જેતલસર, રાજકોટ, વાંકાનેર.

સ૦ ગુજરાતમાં આવેલાં મુખ્ય બંદરો અનુક્રમે ગણાવો ?

જ૦ વલસાડ, સુરત, ભરૂચ, ખંભાત, ભાવનગર. ધોધા જાફરાબાદ, દીવ, વેરાવળ, માંગરોલ, નવી બંદર, પોરબંદર, દ્વારકા, નવાનગર.

સ૦ ગુજરાતમાં વસ્તી કેટલી છે ? ક્યા લોકની છે ? ને તે શા પ્રમાણમાં છે ?

જ૦ પચ્યાશી લાખ માણસની, તેમાં પોણા ભાગ કરતાં વધારે હિંદુ. એટલે લગભગ ૬૪ લાખ હિંદુ. ૧૭ લાખ

મુસલમાન. ૩ લાખ જૈન પોણો લાખ ખ્રિસ્ત્રી ને વીસ હજાર પારસી.

સ૦ ગુજરાતમાં ચાલતા મુખ્ય ધર્મો ગણાવો?

જ૦ હિંદુ. મુસલમાની, જૈન, પારસી. ને ખ્રિસ્ત્રી ધર્મ.

સ૦ ગુજરાતમાંથી કયો કયો માલ બહારગામ જાય છે?

જ૦ સુતર, સુતરાઉ ને રેશમી કાપડ, કીનખાબ, તેલી બીઆં ને અનાજ.

સ૦ ગુજરાતમાં કયો કયો માલ આવે છે?

જ૦ સોનું, રૂપું, લોઢાનો સામાન, સાંચાકામ, વિલાયતી કાપડ, ખાંડ, કાચ, કેરોસીન, રંગ, દવાદારૂ, કોયલાને ફરનીચર.

સ૦ ગુજરાતમાં આવેલાં રૂનાં મથક ગણાવો?

જ૦ સુરત, ભરૂચ, વીરમગામ, ધોલેરા, ભાવનગર, રાધનપુર.

સ૦ ગુજરાતમાં લશ્કરની છાવણી ક્યાં ક્યાં છે?

જ૦ વડોદરા, અમદાવાદ, ડીસા, વઢવાણ, ને રાજકોટ.

સ૦ ગુજરાતમાં ઉના પાણીના કુંડ ક્યાં છે?

જ૦ દેવકીઉનાઇ, તુવા, લસુંદ્રા, ગીર પર્વત મધ્યે તુળશીશ્યામ.

સ૦ ગુજરાતમાં મોટામાં મોટું દેશી રાજ્ય કયું છે?

જ૦ ગાયકવાડ સરકારનું છે.

સ૦ તમારા તાલુકાના મુખ્ય અમલદારો ગણાવો?

જ૦ મામલતદાર, મુન્સફ, પોલીસ સબઇન્સ્પેક્ટર, હોસ્પિતાલ આસિસ્ટંટ, ઓવરસિઅર, આસિસ્ટંટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર.

સ૦ ગુજરાતના છેક દક્ષિણમાં જે જિલ્લો છે તેની જમીન તથા હવા વિષે શું જાણો છો?

જ૦ સુરત જીલ્લાની જમીન રસાળ છે. હવા તંદુરસ્ત છે.

સ૦ સુરત જિલ્લામાં મોટી નદી કઈ છે?

જ૦ તાપી.

સ૦ સુરત જિલ્લાના કલેકટર સાહેબના તાબામાં જે એજન્સિ છે તેમાં ક્યાં ક્યાં સંસ્થાનો છે?

જ૦ સુરત એજન્સિમાં. (૧) સચીન. (૨) વાંસદા. (૩) ધરમપુર ને (૪) ડાંગ.

સ૦ સ્વામીનારાયણનો ધર્મ ફક્ત ક્યાં ચાલે છે ? તથા એનું જાત્રાનું મુખ્ય સ્થળ કયું ?
જ૦ ગુજરાતમાં, વડતાલ.
સ૦ પારસીઓનું જાત્રાનું સ્થળ કયું ?
જ૦ ઉદવાડા. (સુરત જીલ્લાના પારડી તાલુકામાં)
સ૦ શ્રાવક લોકોના જાત્રાનાં ઠેકાણાં ક્યાં ?
જ૦ આબુ, ગિરનાર, શેત્રુંજો ને પાલીતાણા, ભોંયણી.
સ૦ હિંદુઓનાં મુખ્ય જાત્રાનાં ઠેકાણાં ગણાવો ?
જ૦ અંબાજી, પાવાગઢ, ડાકોર, સિદ્ધપુર, ચાંદોદ, દ્વારકા, બહુચરાજી, બહુધાન, શુક્લતીર્થ.
સ૦ ગુજરાતના લોકોનો મુખ્ય ધંધો કયો છે ?
જ૦ ખેતીનો.
સ૦ ખેતી સિવાય બીજા ક્યા ક્યા ધંધા કરે છે ?
જ૦ મજુરીનો, કારીગરીનો, ખલાસીનો, વેપારનો, ખાનગી ને સરકારી નોકરીનો.
સ૦ ગુજરાતમાં ક્યા ક્યા ઉદ્યોગ ચાલે છે.
જ૦ કાપડ વણવાનો, કપાસ લોઢવાનો, તલ દીવેલી પીલવાનો ડાંગર ખાંડવાનો અનાજ દળવાનો ને લાકડાં વહેરવાનો.
સ૦ હાથની કારીગરીના ઉદ્યોગ ગણાવો ?
જ૦ કસબ રેશમ ને સુતર વણવાનો, લોઢા ને માટીનો સામાન બનાવવાનો, હાથી દાંતને સુખડનાં કોતર કામનો.
સ૦ અમદાવાદમાં ક્યા ક્યા ઉદ્યોગો ચાલે છે ?
જ૦ સુતરાઉ રેશમી ને કસબી કાપડ વણવાનો.
સ૦ ગુજરાત પ્રાંતની ખેતીની પેદાશ ગણાવો ?
જ૦ ઘઉ, બાજરી, કપાસ, ડાંગર, જુવાર, તેલબીઆં ને કઠોળ.
સ૦ કપાસ ક્યાં ઘણો થાય છે.
જ૦ નર્મદાના મુલકમાં તથા કાઠિઆવાડમાં.
સ૦ ઘઉં ક્યાં ક્યાં થાય છે ?
જ૦ નર્મદાના મુલકમાં તથા ભાલમાં.
સ૦ ભરૂચ જીલ્લામાં મોટી નદી કઈ છે.
જ૦ નર્મદા (રેવા) ?

સ૦ ભરૂચ જીલ્લો કયા પાકને માટે વખણાય છે ને તે પાક કયા ભાગમાં થાય છે ?
જ૦ કપાસ. ભરૂચ જીલ્લાના પૂર્વ ભાગમાં (કાનમમાં)
સ૦ ખેડા જીલ્લો કયા પાકને માટે વખણાય છે.
જ૦ તમાકુ.
સ૦ ખેડા જીલ્લાનો કયો ભાગ વધારે રસાલ છે. જ. મધ્ય ભાગ (ચરોતર.)
સ૦ ખેડા જીલ્લાના કલેક્ટરના તાબામાં કયું સંસ્થાન છે અને તેમાં કોનું રાજ્ય છે ?
જ૦ ખંભાત, મુસલમાનનું.
સ૦ ગુજરાતની છેક પૂર્વમાં કયો જીલ્લો છે ?
જ૦ પંચમહાલ.
સ૦ પંચમહાલ નામ શાથી પડ્યું ?
જ૦ ગોધરા, કાલોલ, હાલોલ, દાહોદને ઝાલોદ એ પાંચ મહાલ આવેલા છે તેપરથી.
સ૦ પંચમહાલ જીલ્લાના તાલુકા ગણાવો ?
જ૦ ગોધરા, દાહોદ, ને કાલોલ એ ત્રણ તાલુકા તથા હાલોલ ને ઝલોદ એ બે પેટા મહાલ છે.
સ૦ અમદાવાદ જીલ્લાના મોટી નદી કઇ છે ?
જ૦ સાબરમતી.
સ૦ અમદાવાદ જીલ્લાના કયા કયા તાલુકાની હવા ચોમાસામાં બગડે છે ?
જ૦ વીરમગામ ને ધોળકા તાલુકાની.
સ૦ ગુજરાતના ઇશાનમાં કઇ એજન્સિ આવેલી છે ?
જ૦ મહીકાંઠા.
સ૦ ગુજરાતની પશ્ચિમમાં કઇ એજન્સિ આવી ?
જ૦ કાઠિઆવાડ.
સ૦ કાઠીઆવાડના એજંટ ટુ ધ ગવર્નર સાહેબના હાથ નીચે કેટલા પોલીટિકલએજંટો છે? અને તેમનો મુકામ ક્યાંછે ?
જ૦ ચાર ૧ ઝાલાવાડ, વઢવાણ, ૨ ગોહીલવાડસોનગઢ ૩ સોરઠ જેતલસર. ૪ હાલાર રાજકોટ.

જાહેર ખબર.

અમારે ત્યાંથી નવા ધોરણને અનુસરીને તમામ વિષયો સાથે તૈયાર કરેલી પહેલેથી સાતમા ધોરણ સુધીની નોટો નવીન પદ્ધતિ મુજબ તૈયાર કરવામા આવેલા લાલશંકર કૃત મોટા ગણીતનો તથા ગોખલે કૃત ગણીતનો ખુલાસો કિંડરગાર્ટનની નવીન પદ્ધતિ સાથેનો દેશી હીસાબ ભા. ૧ લો. મુખગણીત સચિત્ર પ્રાથમીક ધોરણને માટે કોપી ડ્રોઇંગ બુક તથા ચીત્રેલી ડ્રોઇંગ બુકો નવા ધોરણ મુજબ શિક્ષણને લગતા કિંડરગાર્ટનના સાહિત્યો વીગેરે તથા ગુજરાતી અને ઇંગ્રેજી સ્કુલોમા ચાલતા અને ઇનામ લાયબ્રેરીના તમામ પુસ્તકો ઇંગ્લીશને ગુજરાતી ડીક્ષનરીઓ પાઠમાળા તથા જ્યોગરાફીની તથા રીડરો ગાઇડો નાની મોટી સુંદર નવા વરસની ફેનસી ડાયરીઓ અને રબર પેન્સીલ વીગેરે સ્ટેશનરી સામાન વિગેરે કીફાયત ભાવે મળશે વેપારીઓ તથા માસ્તરોને સારૂં કમીશન આપવામા આવશે.

પત્ર વ્યવહાર કરવાનું ઠેકાણું.

નારણલાલ મોતીલાલ શાહ

બુકસેલર એન્ડ પબ્લીશર

રીચીરોડ અમદાવાદ.